આજનો સુવિચાર
ફક્ત નકલ કરવાથી કોઈ માનવી મહાનતા મેળવી શકતો નથી.

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૫૯ જૂનાગઢ તા.૨૧-૦૨-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 59, Junagadh : Date : 21 February, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# ખેડૂતો અને સરકાર વચ્ચે હવે આરપારની લડાઈ : વાટાઘાટોના દરવાજા બંધ

## દિલ્હીની તમામ બોર્ડરો સીલ કરાઈ : શંભુ બોર્ડર ઉપર અત્યંત સ્ફોટક સ્થિતી, કિસાન નેતાઓએ કેન્દ્ર સરકારને અલ્ટીમેટમ સાથે ચેતવણી આપી



નવી દિલ્હી તા.૨૧

કૃષિ પેદાશોના ન્યુનતમ સમર્થન મુલ્ય(એમ.એસ.પી.)ની ગેરેંટી સહીતની માંગણીઓ વિશે સરકાર સાથે કોઈ સમાધાન નહિં થતા ખેડુતોએ ફરી 'દિલ્હી કુચ'નું એલાન કરતાં ફરી વખત પાટનગર નવી દિલ્હીની તમામ બોર્ડરો સીલ કરીને જડબસલાક બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. હવે વાટાઘાટોના દરવાજા બંધ થઈ ગયા છે અને આરપારની લડાઈ જ જારી રહેવાનું ખેડુતોએ જાહેર કર્યું છે.

ખેડુતોની અનેકવિધ માંગણીઓ વિશે સરકાર સાથે વાટાઘાટો થઈ હતી. વધુ પાંચ ખેત પેદાશોને ન્યુનતમ સમર્થન મુલ્ય હેઠળ આવરી લેવાની સરકારે ઓફર કરી હતી. પરંતુ ન્યુનતમ સમર્થન મુલ્યમાં ગેરેંટીની માંગ પર અડગ રહીને કિસાનોને ઓફર ફગાવી દીધી હતી. વાટાઘાટોથી સમાધાન શકય નહીં બનતા ખેડુતોએ આજથી ફરી દિલ્હી કુચનું એલાન કરી દીધું છે.

ખેડુતોએ સવારે ૧૧ વાગ્યાથી દિલ્હી કુચ શરૂ કરતા જ ઘર્ષણનો ઘટનાક્રમ સર્જાયો હતો. બેરીકેડ સહીતનાં અવરોધો તોડીને કિસાનોએ આગળ વધવાનો પ્રયાસ કર્યો હતો સામે ખેડુતોને સુરક્ષા દળોએ રોકયા હતા.

શંભુબોર્ડર પર હજારોની સંખ્યામાં ખેડૂતો એકત્ર થયા છે. કિસાન નેતાઓએ જાહેર કર્યું છે કે હવે વાતચીતનાં દરવાજા બંધ થઈ ગયા છે. માંગણીનાં સ્વીકાર સુધી આરપારની લડાઈ જારી રાખવામાં આવશે.કિસાન નેતા સરવણસિંહ પંઢેર તથા જગજીતસિંઘે એલાન કર્યું કે હવે કોઈ સાથે વાત કરવામાં નહિં આવે. બીજી તરફ ખેડૂતોના આક્રમક મિજાજને પગલે હરીયાણા સરકારે ૭ જીલ્લામાં ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી છે.

સમય પસાર કરવાની સરકારની નીતિથી વિફરેલા કિસાનોએ ટીયરગેસથી બચવા માટે ખાસ માસ્ક તૈયાર કર્યા છે. ઉપરાંત માટીથી ભરેલી બેગ તૈયાર રાખી છે. ખેડૂતોએ સરકારે સર્જેલા અવરોધો તોડી પાડવાનું જાહેર કર્યુ છે.

સરકારનાં અંદાજ પ્રમાણે પંજાબ હરીયાણા બોર્ડર પર ૧૨૦૦ ટ્રેકટર ૩૦૦ કાર મીની બસ સહીતના વાહનોમાં ૧૪૦૦૦ ખેડુતો કબ્જે લેવાનાં પ્રયાસમાં સુરક્ષા કર્મીઓ ઘાયલ થયા છે. ખેડૂત આગેવાનોએ ધમાલ રોકવા માટે દિલ્હી કુચ કરવા દેવાની માંગ કરી છે. ખેડુત નેતા સરવણસિંઘ પંઢેરે કેન્દ્ર સરકારને અલ્ટીમેટમ સાથે એવી ચેતવણી આપી છે કે ખેડુતો કોઈ હંગામો સર્જવા માંગતા નથી અને શાંત આંદોલન ચાલુ રાખવા માંગે છે ત્યારે સરકારે અનિચ્છિનીય બનાવો રોકવા માટે બોર્ડર પરની બેરીકેડ સહિતના અવરોધો દુર કરી દેવા જોઈએ અને કિસાનોને દિલ્હી પ્રવેશની છુટ આપી દેવી જોઈએ.

કિસાનો શાંતિપૂર્વક આંદોલન કરશે કારણ કે હવે દડો સરકારની કોર્ટમાં છે. તેઓએ કહ્યું કે ૭ નવેમ્બરથી દિલ્હી કૂચની તૈયારી જાહેર કરવામાં આવી હતી. છતાં સરકારે ખેડુતોની અવગણના જ કરી છે. ખેડુતોએ પર્યાપ્ત સમય નહીં આપ્યાની સરકારની વાત ગેરમાર્ગે દોરનારી છે. સરકાર દિલ્હી કૂચ ન રોકે અથવા અમારી માંગ સ્વીકારે તે જ વિકલ્પ છે તેમ ખેડૂત નેતાઓએ જણાવ્યું છે.

### આવાઝ કી દુનિયા કે દોસ્તો... હવે સાંભળવા નહી મળે

# બિનાકા ગીત માલાના સર્વકાલીન વિશ્વ વિખ્યાત ઉદઘોષક અમીન સયાનીનું ૯૧ વર્ષની વયે નિધન

## અવાઝના જાદુગર ખામોશ થઈ ગયા : વડાપ્રધાન મોદીએ શ્રધ્ધાંજલી અર્પણ કરી



મુંબઈ તા.૨૧

મનોરંજન જગતમાંથી વધુ એક દુઃખદ સમાચાર આવી રહ્યા છે. રેડિયો - વિવિધ ભારતીના સૌથી પ્રખ્યાત ઉદ્‌ઘોષક અને ટોક શોના સદા બહાર હોસ્ટ અમીન સયાનીનું નિધન થયું છે. અમીન સયાનીનું ગઈકાલે એટલે કે મંગળવારે સાંજે હાર્ટ એટેકથી અવસાન થયું હતું. તેઓ ૯૧ વર્ષના હતા. અમીન સાયનીના પુત્ર રાજિલ સયાનીએ એબીપી ન્યૂઝને તેમના મૃત્યુની પુષ્ટિ કરી. અમીન સયાનીના નિધનના સમાચારથી તેમના ચાહકોમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ અમીન સયાનીના નિધનથી દુઃખની લાગણી વ્યકત કરી શ્રધ્ધાંજલી અર્પણ કરી છે.

સ્વર્ગસ્થ અમીન સાયનીના પુત્રએ જણાવ્યું હતું કે અમીન સયાનીને મંગળવારે સાંજે ૬.૦૦ વાગ્યે દક્ષિણ મુંબઈમાં તેમના ઘરે હાર્ટ એટેક આવ્યો હતો.હાર્ટ એટેક આવ્યા બાદ તેમના પુત્ર રાજીલ તરત જ તેમને દક્ષિણ મુંબઈમાં એચએન સાયની પાસે લઈ ગયા હતા. તેને રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જયાં તબીબોએ ટૂંક સમયમાં જ તેમને મૃત જાહેર કર્યા હતા.

લગભગ ૪૨ વર્ષ સુધી રેડિયો સિલોન અને ત્યારબાદ વિવિધ ભારતી પર ચાલતા તેમના હિન્દી ગીતોના કાર્યક્રમ 'બિનાકા ગીતમાલા'એ સફળતાના તમામ રેકોર્ડ તોડી નાખ્યા હતા અને લોકો દર અઠવાડિયે તેમને સાંભળવા ઉત્સુક રહેતા હતા.અમીન સાયનીના ૫૪,૦૦૦ થી વધુ ગીતો છે. તેનું નામ. રેડિયો પ્રોગ્રામના નિર્માણ, સરખામણી, વોઈસઓવરનો રેકોર્ડ. લગભગ ૧૯,૦૦૦ જિંગલ્સ માટે અવાજ આપવા બદલ અમીન સયાનીનું નામ લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં પણ નોંધાયેલું છે.

# યુ-ટયુબને ટકકર આપવાનો મોદી સરકારનો નિર્ણય - વિડીયો પોર્ટલ લોન્ચ કરશે

નવી દિલ્હી તા.૨૧

સરકાર ઓનલાઈન પોર્ટલ પર ઘણું ધ્યાન આપી રહી છે. સરકાર સમય સમય પર ઘણી નવી વેબસાઈટ અને પોર્ટલ લોન્ચ કરી રહી છે. હવે આવો જ નિર્ણય માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા લેવામાં આવ્યો છે. હવે મંત્રાલય દ્વારા આ અઠવાડિયે ચાર ઓનલાઈન પોર્ટલ લોન્ચ કરવામાં આવશે. તેના પર સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલ વીડિયો અને માહિતી શેર કરવામાં આવશે.

આ પહેલીવાર નથી જયારે સરકાર દ્વારા આવું પગલું લેવામાં આવ્યું હોય. સાયબર ક્રાઈમ રોકવાથી લઈને માહિતી શેર કરવા સુધી, ભારત સરકાર દ્વારા સતત નવા પગલાં લેવામાં આવી રહ્યા છે. વડાપ્રધાન મોદીના ડિજિટલ ઈન્ડિયાને ધ્યાનમાં રાખીને હવે માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા વધુ એક પગલું ભરવામાં આવી રહ્યું છે, જેનાથી જનતાને સરકારની નીતિ અંગે પણ સ્પષ્ટતા મળશે. જો જોવામાં આવે તો, યુટ્યુબની જેમ આ પોર્ટલ પર વીડિયો અપલોડ કરવામાં આવશે અને કોઈપણ વપરાશકર્તા તેને જોઈ શકશે.

એક રીતે આ સરકારનું ઓનલાઈન અખબાર હશે. આ ઉપરાંત, આ એક પોર્ટલ હશે જયાં સરકાર દ્વારા તમામ જાહેરાતો સ્વીકારવામાં આવશે અને તમામ માહિતી એક જ જગ્યાએ ઉપલબ્ધ હશે. તેના લોન્ચિંગને લઈને ઘણી માહિતી પ્રકાશમાં આવી છે.

**ઓફીસ વેચવાની છે**
જૂનાગઢનાં કાળવા ચોક જેવા ભરચકક વિસ્તારમાં એમજી રોડ પાસે, ફોર્ચ્યુન પ્લાજામાં બીજા માળે ઓફીસ વેચવાની છે, તદન વ્યાજબી ભાવમાં
:: કોન્ટેક ::
મો. ૯૮૯૮૦ ૦૯૬૨૬

**સ્ટાફ જોઈએ છે** SWARAJ
અનુભવી / બિન અનુભવી
સેલ્સમેન ● હેડ મેકેનીક ● હેલ્પર
જુનાગઢ, વિસાવદર, ભેસાણ, મેંદરડા
અનુભવીને પ્રથમ અગ્રતા આપવામાં આવશે.
મો. ૭૮૭૪૪ ૪૭૨૭૪

શ્રી યમુના ટ્રેકટર્સ
લક્ષ્મી પેટ્રોલ પંપની સામે, સરગવાડા બસ સ્ટેશનની બાજુમાં, રાજકોટ રોડ, જુનાગઢ.

# વેકસીને કોરોનાથી તો બચાવ્યા પરંતુ ગંભીર સાઈડ ઈફેકટને કારણે લોકોમાં લોહી અને હૃદય સંબંધી બિમારીઓ વધી : ચોંકાવનારો અભ્યાસ

નવીદિલ્હી તા.૨૧

કોરોના મહામારીથી બચાવ માટે લોકોને લગાવવામાં આવેલ વેકિસનની લોકોના સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસર પડી છે. વિશ્વ અનેક દેશોમાં વેકિસનની સુરક્ષા પર કરવામાં આવેલા અત્યાર સુધીના અધ્યયન અનુસાર વેકિસનના કારણે ન્યુરોલોજીકલ લોહી અને હદય સંબંધી બીમારીઓમાં થોડો વધારો થયો છે. આ અધ્યયન ગ્લોબલ કોવિડ વેકિસન સેફટી પ્રોજેકટ અંતર્ગત ગ્લોબલ વેકિસન ડેટા નેટવર્ક દ્વારા કરવામાં આવ્યો છે.

સંશોધકોએ મુખ્યત્વે ફાઈઝર, બાયોએન્ટેક સંસઈ અને મોડર્ના દ્વારા બનાવવામાં આવેલ એમઆરએનએ વેકિસન અને એસ્ટ્રાજેમેકા દ્વારા નિર્મિત વેકિસન માટે લોકો પર અધ્યયન કર્યુ છે.

સંશોધન મુજબ એમઆરએમએ વેકિસનથી મહામારીની શરૂઆતમાં હદય સંબંધિત સોજાનો ખતરો અને મગજમાં લોહીના ગઠ્ઠાનો ખતરો વધી ગયો હતો. એસ્ટ્રાજેનેકાના વાયરલ વેકટર વેકિસનથી રસીકરણ સમસ્યા બહાર આવી હતી, જે પ્રતિરક્ષા સિસ્ટમ તંત્રિકા તંત્રને નુકસાન પહોંચાડે છે.

સંશોધકોએ કોરોના વેકિસન લીધા બાદ સ્વાસ્થ્ય પર પડેલી ૧૩ પ્રતિકૂળ અસરોની ઓળખ કરી છે અને જાણવા મળ્યું કે માયોકાર્ડિટીસ, હદયની માંસપેશીઓમાં સોજો, એમઆરએનએ વેકિસનની પહેલા બીજા અને ત્રીજા ડોઝ બાદ લોકોને સતત સમસ્યાઓનો સામનો કરવો પડયો હતો. આ સંશોધન ૮ દેશો આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, કેનેડા, ડેન્માર્ક, ફિનલેન્ડ, ફ્રાન્સ, ન્યુઝીલેન્ડ અને સ્કોટલેન્ડમાં રસીકરણ કરાવેલ લગભગ એક કરોડ લોકોમાં કરાયું હતું.

**ૐ નેચર કયોર સેન્ટર**
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

**ઓફર...ઓફર...** M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર


બીના ઈલેકટ્રોનિકસ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

# પાકિસ્તાનમાં નવાઝ શરીફ અને બિલાવલ ભુટ્ટોની પાર્ટી ગઠબંધન સરકાર બનાવશે

ઈસ્લામાબાદ,તા. ૨૧

પાકિસ્તાનમાં નવી સરકારનું સસ્પેન્સ સમાપ્ત થઈ ગયું છે. ચુંટણી પરિણામના ૧૨ દિવસ પછી, નવાઝ શરીફની પાર્ટી પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝ અને બિલાવત ભુટ્ટોની પાકિસ્તાન પીપલ્સ પાર્ટી વચ્ચેના જોડાણની ફોર્મ્યુલાને આખરે મંજૂરી મળી ગઈ છે. બંને પક્ષો વચ્ચે લાંબા સમયથી વાતચીત ચાલી રહી હતી. ગત મોડી રાત્રે બંને પક્ષોના હાઈકમાન્ડે ગઠબંધનમાં સરકાર બનાવવાની જાહેરાત કરી દીધી છે.

પીપીપીના અધ્યક્ષ બિલાવલ ભુટ્ટો ઝરદારીએ જાહેરાત કરી હતી કે શહેબાઝ શરીફ પીએમએલ-એનમાંથી એકવાર વડાપ્રધાન બનશે. બંને પક્ષો ગઠબંધન સરકાર બનાવવા માટે તૈયાર છે. પત્રકારો સાથે વાત કરતા બિલાવલે કહ્યું, પીપીપી અને પીએમએલ-એનએ જરૂરી સંખ્યા હાંસલ કરી લીધી છે અને હવે અમે સરકાર બનાવવાની સ્થિતિમાં છીએ.

તે જ સમયે, સમજૂતીની ફોર્મ્યુલા અનુસાર, પીપીપીના કો-ચેરમેન આસિફ ઝરદારીનું (૬૮ વર્ષ) ફરીથી દેશના રાષ્ટ્રપતિ બનવું નિશ્ચિત છે. આ સિવાય પીએમએલ-એનના વરિષ્ઠ ઉપાધ્યક્ષ અને નવાઝ શરીફની પુત્રી મરિયમ નવાઝ (૫૦ વર્ષ)ને પંજાબના મુખ્યમંત્રી પદ માટે નામાંકિત કરવામાં આવી રહયા હોવાના અહેવાલો છે.

## ઝી એન્ટરટેઈનમેન્ટ કંપનીમાં સેબીએ રૂા.૨ હજાર કરોડની ગેરરીતી ઝડપી લીધી

મુંબઈ તા. ૨૧

સેબીએ ઝી એન્ટર ટેઈનમેન્ટ એન્ટર પ્રાઈઝીસના ખાતામાં રૂા. ૨,૦૦૦ કરોડ (૨૪૦ મિલિયન ડોલરથી વધુ)ની ગેરરીતિ શોધી કાઢી છે. સોની સાથેના મર્જરની ડીલ તૂટી ગયાના એક મહિના કરતાં ઓછા સમયમાં મીડિયા ફર્મ માટે આ બીજો ફટકો છે. જયારે Zee CEO સોની સાથેની તેમની ૧૦ બિલિયન ડોલરની મર્જર યોજનાની નિષ્ફળતા પછી રોકાણકારોને આશ્વાસન આપવાનો પ્રયાસ કરી રહ્યા છે, ત્યારે હવે સેબીના આ નવા ઘટસ્ફોટથી ગોએન્કાની મુશ્કેલીઓ વધી ગઈ છે. તે સાથે રોકાણકારોને ધ્રાસ્કો પડયો છે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
**હરિ-કલા+ યુરોસર્જીકલ હોસ્પિટલ**
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન


ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

**HOPE**
DIABETES & PHYSIOTHERAPY CENTRE
ડો. દિપક ચુડાસમા
MBBS, PGDM, PhD Scholar
કન્સલટન્ટ ડાયાબીટોલોજીસ્ટ
ડાયાબીટીસ કલીનીક
ડો. નિશિતા ચુડાસમા
BPT, MPT ortho, PhD Scholar
કન્સલટન્ટ ફીઝીયોથેરાપીસ્ટ
હોસ્પિટલમાં ઉપલબ્ધ સારવાર.
✓ ડાયાબિટીસની સંપૂર્ણ સારવાર.
✓ ડાયાબિટીસમાં થતાં આંખ, કિડની અને હૃદયના દર્દના નિષ્ણાંત.
✓ ડાયાબિટીસથી થતા હાથ-પગના દુઃખાવાના નિષ્ણાંત.
✓ ડાયાબિટીસ સાથે બ્લડ પ્રેશર. કોલેસ્ટેરોલ અને થાઈરોઈડની સારવાર.
ફિઝીયોથેરાપીસ્ટ ફેસેલીટીઝ...
● પગ મચકોડાઈ જવો ● ફ્રેકચર ● ગરદનનો દુઃખાવો ● લકવો
● કમરનો દુઃખાવો ● સાંધાનો ઘસારો ● ફ્રોઝમ શોલ્ડર
● ચેતાતંતુને લગતી તકલીફ ● પોસ્ટ ઓપ T.K.R., T.H.R.
● સ્નાયુનો દુઃખાવો ● રમતમાં થતી ઈજા
હોસ્પીટલ દ્વારા દર મહિનાનાં બીજા રવિવારે રાહત દરે ડાયાબીટીસ પ્રોફાઈલ - ફુલ બોડી ચેકઅપ કેમ્પનું આયોજન કરે છે. જેમાં કુલ ૩૫૦૦નાં રીપોર્ટ માત્ર ૧૦૦૦માં કરી દેવામાં આવે છે
કેમ્પ સમય સવારે ૮.૩૦ થી ૧૧.૩૦
રજીસ્ટ્રેશન નંબર ✆ ૭૦૪૬ ૨૨ ૦૦ ૪૪
હવેથી નવું સરનામું નોંધી લેશો
૨૦૨, બીજો માળ, દાસારામ પ્રાઈમ-૨, સંકલ્પ હોટલની ઉપર, ફળદુ વાડીની બાજુમાં, ઝાંઝરડા - મધુરમ બાયપાસ રોડ, જૂનાગઢ

# સોમનાથ પંથકમાં વસંત ઋતુના આગમનના છડીદાર કેસુડાઓ મ્હોરી ઉઠ્યાં



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૧

સોમનાથ મહાદેવની પાવનકારી નગરી પ્રભાસ-પાટણ અને પંથકના સીમ સેઢા વાડીઓએ લાલ ચટક કેસરી આગ જવાળા કલરના કેસુડાઓનું કયારથીયે આગમન થઈ ચુકેલ છે. કેટલાક દેવ મંદિરોમાં તો આ કેસુડાના ફૂલોને અત્યારથી જ પૂજામાં વાપરવામાં આવી રહ્યા છે. આર્યુવેદિક દ્રષ્ટીએ કેસુડાના ફુલોમાં અનેક ગુણો છે. હોળી-ધૂળેટીના તહેવારો તો કેસુડાના ફૂલો વગર કલ્પના જ ન થઈ શકે. આ તહેવારોમાં કેસુડાનો ધુમ વપરાશ રંગ અને ફુલડોળમાં થાય છે. બાકી હાલ અને હોળી પછીના દિવસો કસુડાના કેસરી ફુલોના ઝુંડ સાથેના વૃક્ષો તાલાલા સાસણ, પ્રાચી અને સોમનાથ માર્ગની અતિ સુંદર શોભા વધારી રહ્યા છે.

# જૂનાગઢમાં આવતીકાલે વિશ્વકર્મા જયંતિની ઉજવણી : શોભાયાત્રા સહીતનાં કાર્યક્રમો યોજાશે

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢમાં શ્રી વિશ્વકર્મા ઉત્સવ સમીતી સમસ્ત લુહાર સમાજ જૂનાગઢ દ્વારા વિશ્વકર્મા જયંતીની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવેલ છે. આવતીકાલ તા. ૨૨-૨-૨૪ને ગુરૂવારનાં રોજ ઉજવણી થશે. આ મહોત્સવમાં બપોરે બે વાગ્યે ગાંધીગ્રામ ગરબી ચોકથી મોટર સાયકલો, વિશ્વકર્મા દાદાનો રથ અને સુશોભિત ફલોટો સાથે ભવ્ય શોભાયાત્રા નીકળશે. તેમજ શહેરનાં મુખય માર્ગ એવા ગાંધીગ્રામ ગરબી ચોરથી ભુતનાથ મંદિર રોડ, મોતીબાગ, સરદારબાગ, ઝાંઝરડા રોડ, ઝાંઝરડા ચોકડીથી સત્યમ પાર્ટી પ્લોટ ખાતે આ શોભાયાત્રા પહોંચશે. ત્યારબાદ વિશ્વકર્મા દાદાની મહાઆરતી સંતો, મહેમાનો અને સમીતીનાં સભ્યોની ઉપસ્થિતિમાં કરવામાં આવશે. સંતો દ્વારા આર્શિવચન તેમજ મહાનુભાવોનું પ્રાસંગીક પ્રવચન યોજાશે અને મહાપ્રસાદનો કાર્યક્રમ પણ યોજાશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

## પીએસઆઈ બારોટને પત્રકારોને માહિતી આપવામાં કેમ રસ નથી ?

# માણાવદર લુંટ પ્રકરણમાં આરોપીના બચાવ કરવાનો કારસો તો નથી ને ?

## ઠેર-ઠેર એક જ ચર્ચા આરોપીને કંઈ નહી થાય ?

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા.૨૧

માણાવદર શહેરમાં ધોળે દિવસો લુંટ પ્રકરણની એફઆઈઆર પુર્વ પાલિકા પ્રમુખ તથા નટરાજ બ્રોકર્સ પેઢીના માલિક દિનેશ ગોવિદભાઈ કાલરીયાએ રૂા.૯.૩૦ લાખની જૂનાગઢ હાઈવે ઉપર લુંટ થયાની ફરીયાદ નોંધાવી હતી. જયારથી એફઆઈઆર થઈ ત્યારથી જ દિનેશ કાલરીયા સામે ઠેર-ઠેર શંકાની સોઈ તકાય રહી હતી. ટીમો નીમીને ઉચ્ચ અધિકારીઓ તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા પરંતુ કાંઈ લુંટ થઈ હોવાનું બહાર આવેલ નહી. આ દરમ્યાન ખુદ ફરિયાદી જ આરોપી નીકળવાની શકયતા છે.

ત્યારે જાણવા મળેલ વિગતોનુસાર ૮ લાખ ૭૦ હજાર કબ્જે કરાયા છે જેની વિગતો માંગવા પીએસઆઈ બારોટને પત્રકારે ફોન કર્યા તો ફોન રીસીવ કરવાની તસ્દી લીધી નથી ત્યારે આ સમગ્ર પ્રકરણમાં પત્રકારોને માહિતી આપવામાં રસ નથી તો સ્પષ્ટ થઈ રહ્યું છે. માણાવદર લુંટ પ્રકરણમાં આરોપીનો બચાવ કરવાનો કારસો તો નથી ને ? તેવી ચર્ચા થઈ રહી છે. ત્યારે ફરિયાદી જ આરોપી નીકળે ત્યારે કેવી કડક કાર્યવાહી થશે તેની પ્રજા રાહ જોશે તેવી ચર્ચા છે.

## પન્નુએ આ અંગે ઝારખંડના નકસલવાદીઓને ઉશ્કેર્યા

# પન્નુએ ઈંગ્લેન્ડની ટીમને મેચ રદ કરીને પરત ફરવાની ધમકી આપી

## પન્નુએ કહ્યું છે કે રાંચીમાં યોજાનારી ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની મેચ તાત્કાલિક રદ કરવી જોઈએ : પન્નુએ આ વીડિયો યુટ્યુબ પર રિલીઝ કર્યો છે

રાંચી, તા.૨૧

ઝારખંડની રાજધાની રાંચીમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાનારી ચોથી ટેસ્ટ અગાઉ ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુએ ઈંગ્લેન્ડની ટીમને મેચ રદ કરીને પરત ફરવાની ધમકી આપી છે. તેણે આ અંગે ઝારખંડના નકસલવાદીઓને ઉશ્કેર્યા છે. પન્નુએ કહ્યું છે કે રાંચીમાં યોજાનારી ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની મેચ તાત્કાલિક રદ કરવી જોઈએ. આ મામલે રાંચીના ધુર્વા પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. નકસલવાદીઓના નામે જાહેર કરવામાં આવેલા વીડિયોમાં તેણે કહ્યું છે કે રાંચીનું જેએસસીએ સ્ટેડિયમ આદિવાસીઓની જમીન પર બનેલું છે. મેચ આદિવાસીઓની જમીન પર ન રમાવી જોઈએ. પન્નુએ આ વીડિયો યુટ્યુબ પર રિલીઝ કર્યો છે. તેણે માઓવાદીઓને રાંચીમાં યોજાનારી ટેસ્ટ મેચ રદ કરાવવા માટે ઝારખંડ અને પંજાબમાં હંગામો કરવા કહ્યું છે. પન્નુએ યુટ્યુબ દ્વારા ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્મા અને ઈંગ્લેન્ડ ટીમના કેપ્ટન બેન સ્ટોક્સને પણ ધમકી આપી છે. તેણે ઈંગ્લેન્ડના કેપ્ટનને ભારત પ્રવાસ કેન્સલ કરીને ટીમ સાથે પરત ફરવાનું પણ કહ્યું હતું. પન્નુની ધમકી મળ્યા બાદ ઝારખંડ પોલીસ વિભાગમાં ખળભળાટ મચી ગયો છે. સ્ટેડિયમથી લઈને હોટલ સુધી કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી રહી છે. એરપોર્ટથી હોટલ સુધી દરેક ખૂણે પોલીસ તૈનાત છે. એરપોર્ટને પણ સિક્યોરિટી કોર્ડન હેઠળ લેવામાં આવ્યું છે.

નોંધનીય છે કે ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુનો જન્મ ૧૪ ફેબ્રુઆરી ૧૯૬૭ના રોજ પંજાબમાં થયો હતો. તેના માતા-પિતા મૃત્યુ પામ્યા છે જયારે એક ભાઈ વિદેશમાં રહે છે.

ક્યારેક કેનેડામાં તો ક્યારેક અમેરિકામાં રહીને તે ત્યાં રહેતા હિન્દુઓને ખુલ્લેઆમ ધમકીઓ આપી રહ્યો છે. પન્નુએ પંજાબ યુનિવર્સિટી, ચંડીગઢમાંથી કાયદાનો અભ્યાસ કર્યો છે. હાલમાં તે અમેરિકામાં કાયદાની પ્રેક્ટિસ કરી રહ્યો છે. પન્નુએ ૨૦૦૭માં 'શીખ ફોર જસ્ટિસ' નામનું સંગઠન બનાવ્યું હતું. જુલાઈ ૨૦૨૦માં ભારતે પન્નુને આતંકવાદી જાહેર કર્યો હતો. ભારતીય જાસૂસી સંસ્થાનો દાવો છે કે પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISIના ઈશારે તે ભારતમાં હથિયારોની દાણચોરી અને હિંસક ગતિવિધિઓને અંજામ આપે છે.

# સુપ્રીમ કોર્ટના દિગ્ગજ વકીલ ફલી એસ. નરીમનનું નિધન

નવી દિલ્હી, તા.૨૧

સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ ફલી એસ નરીમનનું નિધન થયું છે. તેઓ ઈન્દિરા સરકાર દરમિયાન દેશના એડિશનલ સોલિસિટર જનરલ (ASG) હતા. તેમને યાદ કરતાં વરિષ્ઠ વકીલ અભિષેક સિંઘવીએ કહ્યું હતું કે તેઓ એક લિવિંગ લિજેન્ડ હતા, જેમને કાયદા અને જાહેર જીવન સાથે જોડાયેલા લોકો હંમેશા યાદ રાખશે. તેમની સિદ્ધિઓ ઉપરાંત તેઓ તેમના સિદ્ધાંતોમાં અડગ રહ્યા હતા.સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ ફલી એસ. નરીમનનું બુધવારે ૯૫ વર્ષની વયે નિધન થયું છે. તેમણે દિલ્હીમાં અંતિમ શ્વાસ લીધા હતા. નરીમનને વકીલ તરીકે ૭૦ વર્ષથી વધુનો અનુભવ હતો. નવેમ્બર ૧૯૫૦માં ફલી એસ. નરીમન બોમ્બે હાઈકોર્ટમાં વકીલ તરીકે રજિસ્ટર થયા હતા. તેમને ૧૯૬૧માં વરિષ્ઠ વકીલનો દરજ્જો આપવામાં આવ્યો હતો. બોમ્બે હાઈકોર્ટ પછી નરીમને ૧૯૭૨ માં ભારતની સુપ્રીમ કોર્ટમાં પ્રેક્ટિસ શરૂ કરી હતી. મે ૧૯૭૨માં તેમને ભારતના એડિશનલ સોલિસિટર જનરલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. નરીમનને યાદ કરતાં સિંઘવીએ કહ્યું હતું કે 'તેમણે કહ્યું હતું કે માણસોની ભૂલ પર હોર્સ ટ્રેડિંગ શબ્દનો ઉપયોગ કરવો એ ઘોડાઓનું અપમાન છે, જે ખૂબ જ વફાદાર પ્રાણીઓ છે. તે ઈતિહાસના ગહન રહસ્યો શોધી કાઢતા હતા અને બોલતી વખતે પોતાની બુદ્ધિથી તેને અતુલનીય રીતે જોડતા હતા. કોંગ્રેસના નેતા અને વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે પણ તેમના નિધન પર શ્રદ્ધાંજલિ આપી અને તેમને ભારતના મહાન પુત્ર ગણાવ્યા હતા. સિબ્બલે કહ્યું, 'નરીમન આપણા દેશના મહાન વકીલોમાંના એક હતા. સાથે તેઓ એક સારા વ્યક્તિ પણ હતા. તેઓ દરેક માટે એક મહાન વ્યક્તિ તરીકે ઊભા રહેતા હતા. કોર્ટના કોરિડોર તેમના વિના ક્યારેય અગાઉ જેવા રહેશે નહી. તેમની આત્માને શાંતિ મળે. નરીમનને જાન્યુઆરી ૧૯૯૧માં પદ્મ ભૂષણથી નવાજવામાં આવ્યા હતા. ૨૦૦૭માં તેમને પદ્મ ભૂષણથી સન્માનિત કરાયા હતા. વરિષ્ઠ વકીલ હોવાની સાથે તેઓ ૧૯૯૧ થી ૨૦૧૦ સુધી બાર અસોસિએશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ પણ હતા.

# સુન્ની સંધી યુવા મુસ્લીમ સમાજ જૂનાગઢ દ્વારા ગલીયાવાડ ખાતે સિવણ કલાસનું ઉદઘાટન : છેલ્લા બે માસમાં ૮ સિવણ કલાસ શરૂ કરાયા



જૂનાગઢ તા. ૨૧

સુન્ની સંધી યુવા મુસ્લીમ સમાજ જૂનાગઢ જીલ્લા દ્વારા જૂનાગઢ તાલુકાનાં ગલીયાવડ ગામ ખાતે સિવણ કલાસનું ઉદઘાટન કરવામાં આવેલ હતું. ગલીયાવાડ ગામની મસ્જીદનાં ઈમામ સૈયદ સાજીદબાપુ અને મહમદભાઈ સીડાનાં હસ્તે ઉદઘાટન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સમસ્ત સંધી સુન્ની યુવા મુસ્લીમ સમાજનાં પ્રમુખ અમીનભાઈ સીડા ઓલ ગુજરાત સીડા જ્ઞાતિનાં પ્રમુખ સુલેમાનભાઈ સીડા, બશીરભાઈ સાંધ, અમીનભાઈ નોતીયાર, મુસાભાઈ વિશળ, ઝીશાનભાઈ હાલેપોત્રા, બટુકભાઈ મકવાણા, અસ્ફાકભાઈ એડવોકેટ, સમીરભાઈ શમા, જાવેદભાઈ ઠેબા, ઈમરાન નારેજા, આરીફભાઈ ઠેબા સહીતનાં આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહયા હતાં. અને સંગઠનને મજબુત બનાવવા ત્વરીત કાર્યવાહી કરવા નિર્ણય લેવામાં આવ્યો હતો. તેમજ જૂનાગઢ શહેરનાં વિવિધ વિસ્તાર પ્રમાણે શહેર કારોબારી સમીતીમાં નિમણુંકો આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન યુવા ટીમ દ્વારા અને અધ્યક્ષ સ્થાનેથી સંબોધન અમીનભાઈ સીડા દ્વારા કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા બે માસમાં સમસ્ત સુન્ની સંધી યુવા સમાજ દ્વારા જૂનાગઢ શહેર અને તાલુકાનાં વિવિધ વિસ્તારોમાં ૮ શિવણ કલાસ શરૂ કરવામાં આવેલ છે. જેમાં ૩૦૦થી વધુ મહિલાઓ તાલીમ લઈ રહેલ છે.

## ધોરાજી : જીયારત

જૂનાગઢ તા. ૨૧

ધોરાજીનાં મશહુર સૈયદ મર્હુમ સૈયદ હાજી યાકુબશા અબ્દુલાહમીયા મટારી (યાકુબશા બાપુ દુધવાળા)નું અવસાન થતાં તેમની જીયારત આવતીકાલે સવારે ૧૦ કલાકે બદુલાશા બાવા મસ્જીદમાં રાખેલ છે તેમ સૈયદ ફતેમહમદ હાજી યાકુબશા અને સૈયદ અહમદશા બાપુ અબ્દુલમીયા રજાકમીયાની યાદીમાં જણાવેલ છે.

## :: અવસાન નોંધ ::

જૂનાગઢ : દિનેશભાઈ મગનલાલ રાયઠઠ્ઠાના ધર્મપત્ની મીતાબેન દિનેશભાઈનું આજરોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તારીખ ૨૨-૨-૨૦૨૪ આવતીકાલે ૪ થી ૫ છે. જાગનાથ મહાદેવ મંદિર, જલારામ સોસાયટી, જૂનાગઢ ખાતે રાખેલ છે. (મો.૯૮૨૪૮ ૪૩૦૮૫, ૯૪૨૯૫ ૭૬૬૮૭)


મહાશિવરાત્રીનાં મેળામાં ૫ દિવસ

૧૦ X ૧૨ સાઈઝમાં ફુલ LED સ્ક્રીનમાં ફોટો અથવા વિડીયો જાહેરાત આપો.

: કોન્ટેક :

મો. ૭૪૮૭૯ ૨૮૨૭૨

મકાન વેંચવાનું છે

જૂનાગઢનાં પોશ વિસ્તાર નાની દાણાપીઠ સોસાયટીમાં લગભગ ૩૦૦ વાર જમીન મકાન સાથે વેંચવાનું છે.

: કોન્ટેક :

મો. ૯૬૦૧૨ ૭૨૯૬૫

:: જોઈએ છે ::

ફરસાણની દુકાનમાં કામ કરી શકે તેવા હેલ્પરની તથા કારીગરની જરૂર છે

: કોન્ટેક :

મો. ૯૦૧૬૫ ૫૮૫૭૭

નાઈટમાં મેનેજર જોઈએ છે

હોટલ સોમનાથ

રેલ્વે સ્ટેશન રોડ, જૂનાગઢ

રૂબરૂ મળો

સવારે ૧૦ થી ૧૨

વૈદ્ય. મુકેશ આર. વારસુર

Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.

95869 60167

ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર

હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર

વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...

સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી

આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

• ટચૂકડી જાહેર ખબર •

જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે

રાજ ડાયનીંગ હોલ


સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.

દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.

રાજ ડાયનીંગ હોલ

કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની

નવો નંબર નોંધી લેશો

મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩

વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩

કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.

દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.

મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ

વિજય ઘી ડીપો

શિયાળાની ગુલાબી તંદુરસ્તી માટે અળદીયા માટેનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ ભેંસનું તથા ગાયનું શુધ્ધ ઘી મળશે (તાજુ માખણ મળશે)

વિજય ઘી ડીપો

ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ

મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

દિપક ફટાકડા સેન્ટર

લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે

દિપક ફટાકડા સેન્ટર

C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.

ફોન: ૨૬૫૨૬૧૨

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦

મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦

પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦

"સ્વાદનો એવો જાદુ જાગાવે, વારંવાર મન લલચાવે"

: સુભાષ :

પાણીપુરી

એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ

સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ

એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

સ્પે. રજબનો રોટ માત્ર રૂા. ૨૪૦માં

નારાયણ બેકરી

સુખનાથ ચોક જૂનાગઢ

મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

વંદના બેકરી

તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ

મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે

જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર

વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

# શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ જૂનાગઢના પ્રમુખ તરીકે વિવેકભાઈ ધીરૂભાઈ ગોહેલની વરણી



જૂનાગઢ, તા.૨૧

શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ - જુનાગઢના છેલ્લા ૩૨ વર્ષથી પ્રમુખ તરીકે ધીરૂભાઈ ગોહેલએ સમાજની તન, મન અને ધનથી સેવા કરી હતી તેમના કાર્યકાળ દરમ્યાન સમાજની ખૂબ જ પ્રગતિ થયેલ. ધીરૂભાઈ ગોહેલનું તા. ૨૦-૧૨-૨૦૨૩ ના રોજ અવસાન થતા સમાજના પ્રમુખ તરીકે આજરોજ જ્ઞાતિની મળેલ મિટિંગમાં સર્વાનુમતે વિવેકભાઈ ધીરૂભાઈ ગોહેલની વરણી કરવામાં આવેલ તેમજ વજુભાઈ એન. કાચા, રસિકભાઈ એલ. મોરવાડિયા તથા હરિભાઈ એમ. મોરવાડિયાની ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકેની નિમણૂંક કરવામાં આવી. આ તકે જ્ઞાતિના ટ્રસ્ટી અને ઉપપ્રમુખ પ્રકાશભાઈ ચૌહાણે વિવેકભાઈ ગોહેલનો પ્રમુખ તરીકે પ્રસ્તાવ મુકેલ અને સમાજના સિનિયર ટ્રસ્ટી એન. એમ. મારૂએ તેને અનુમોદન આપેલ.

વિવેકભાઈ ગોહેલ યુવાન અને ઉત્સાહી છે વર્ષોથી સામાજિક, વ્યવહારિક અને રાજકીય રીતે ધીરૂભાઈ ગોહેલની સાથે જોડાઈ રહ્યા છે. યુવા બિલ્ડર અને શ્યામ યુવા સંગઠનના સ્થાપક છે અને છેલ્લા વર્ષોમાં સમાજ માટે ભવયાતીભવ્ય નવરાત્રી મહોત્સવનું આયોજન કરે છે તેમજ સામાજિક, ધાર્મિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે અને સમાજ માટે સમાજના વિકાસ માટે ઘણું બધું કરવાની નેમ છે. આ તકે સમાજના ટ્રસ્ટી નાનાલાલ દામજીભાઈ સોલંકી, કિશોરભાઈ ચોટલીયા તેમજ વિભાગીય પ્રમુખશ્રીઓ વજુભાઈ કાચા, ધીરૂભાઈ ટાંક, અમુભાઈ ટાંક, તેજસભાઈ વેગડ, હરિભાઈ મોરવાડિયા, રસિકભાઈ મોરવાડિયા, કલ્યાણજીભાઈ પરમાર, રાજુભાઈ સોલંકી તેમજ ઉપપ્રમુખ હરેશભાઈ રાઠોડ, બાલાભાઈ કાચા, હરિભાઈ ચાવડા, જીતેનભાઈ ચોટલીયા, રમેશભાઈ ટાંક, જયેશભાઈ મનાણી, મહેન્દ્રભાઈ સોલંકી, મુકેશભાઈ ચાવડા, સંજયભાઈ ચાવડા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. ભૂતપૂર્વ પ્રમુખ અમુભાઈ રાઠોડ, અમુભાઈ મકવાણા, અનુભાઈ સોલંકીની હાજરી હતી.

આ તકે એન. એમ. મારૂએ સમાજનું સુકાન યુવાનોના હાથમાં સોપતા હર્ષ અને ગૌરવ અનુભવની લાગણી વ્યક્ત કરી હતી, જ્યારે પ્રકાશભાઈ ચૌહાણએ કુટુંબમાં સિલેકશન હોય પણ ઈલેક્શન ના હોય આ સમાજ આપણું કુટુંબ છે તેમાં વિવેકભાઈ ગોહેલનું સિલેક્શન યોગ્ય છે. જ્યારે પીઢ અગ્રણી પી. ડી. કાચાએ સમાજમા યુવાનોના યોગદાન અને આવતીકાલ યુવાનોની છે અને દરેકને સાથે લઈ વિવેકભાઈ ને આગળ વધવાની હાકલ કરી હતી. પ્રમુખ તરીકે વિવેકભાઈ ગોહેલે તેમના ઉદ્દબોધનમાં "મારો સમાજ એ જ મારૂ જીવન" એ સ્લોગન આપેલ અને આપણે સામાજિક, આરોગ્ય, શૈક્ષણિક રીતે વિકાસના કામો કરવા છે અને સૌ વડીલોના આશીર્વાદથી આપણે ઘણા બધા કામો કરીશું તેવું જણાવેલ. આ તકે શ્યામ મહિલા મંડળના હોદ્દેદારો, શ્યામ યુવા સંગઠનના હોદ્દેદારો, સેવા સંસ્થા, શ્યામ વિદ્યાલય, ચામુંડા ધુન મંડળ, સંસ્થાના ટ્રસ્ટીગણ, વિભાગીય પ્રમુખો, ઉપપ્રમુખો, ભૂતપૂર્વ પ્રમુખો તેમજ દરેક વિભાગમાંથી ઉપસ્થિત કારોબારી સભ્યોઓ, કાર્યકરો એ નવા વરાયેલ પ્રમુખ વિવેકભાઈ ગોહેલનું હારતોરા કરી સન્માન કરેલ. તેમજ ઉપસ્થિત દાતા હરદેવભાઈ પરમાર, પ્રકાશભાઈ ડી. ટાંક, ઘનશ્યામભાઈ કાચા, અશોકભાઈ લાખાણી, ભરતભાઈ ભાલીયા વગેરે એ પણ વિવેકભાઈ ગોહેલનું સન્માન કરેલ. કાર્યક્રમનું સંચાલન મંત્રી દિનેશભાઈ કાચા એ કરેલ તેમજ આભાર વિધિ સમાજના ટ્રસ્ટી કિશોરભાઈ ચોટલીયાએ કરેલ હતી.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી માટે PM-USHA અંતર્ગત રૂા. ૨૦ કરોડની ગ્રાન્ટ મંજૂર

## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જમ્મુ-કાશ્મીરથી સમગ્ર ભારતની ૭૮ યુનિવર્સિટી માટે ઉપરોક્ત યોજના હેઠળ ગ્રાન્ટ આપવાની જાહેરાત કરી : ગુજરાતમાંથી માત્ર ૬ યુનિવર્સિટીની પસંદગી



જૂનાગઢ તા.૨૦

ભારત સરકારના શિક્ષા મંત્રાલય દ્વારા પ્રધાનમંત્રી ઉચ્ચ શિક્ષા અભિયાન **(PM-USHA)** અંતર્ગત ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીને રૂા. ૨૦ કરોડની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. જે અંતર્ગત મલ્ટીડીસીપ્લીનરી એજ્યુકેશન એન્ડ રિસર્ચ, માળખાગત સુવિધા, સંસ્થાના કેમ્પસમાં વાઈ-ફાઈ સુવિધાઓ, સ્માર્ટ ક્લાસીસ અને વર્ચ્યુઅલ લેબ જેવી સુવિધાઓ ઉભી કરવામાં આવશે. આમ, યુનિવર્સિટીની સાથે પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જમ્મુ-કાશ્મીરથી સમગ્ર ભારતની ૭૮ યુનિવર્સિટી માટે ઉપરોક્ત યોજના હેઠળ ગ્રાન્ટ આપવાની જાહેરાત કરી હતી. જેમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ યોજના હેઠળ ગુજરાતમાંથી માત્ર ૬ યુનિવર્સિટીની જ પસંદગી કરવામાં આવી છે જેમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીની સ્થાપનાને માત્ર સાત વર્ષ જેટલો જ ટૂંકો સમય થયો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના લાઈવ પ્રસારણ નિહાળવા સંદર્ભે યુનિવર્સિટી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં કુલપતિશ્રી પ્રો.(ડો.)ચેતનભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, યુનિવર્સિટીનું કામ સમાજના વિવિધ પ્રશ્નોને દિશા અને માર્ગદર્શન આપી સમાજલક્ષી કાર્ય કરવાનું પણ છે. ભારત સરકારના શિક્ષા મંત્રાલય દ્વારા **PM-USHA** અંતર્ગત ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીની પસંદગી થઈ તે ગર્વની બાબત છે. યુનિવર્સિટીના ટીચિંગ-નોન ટીચિંગ તમામ કર્મચારીઓ એક કર્મઠ કાર્યકર તરીકે પોતાની ફરજ બજાવી રહ્યા છે. તેવું પણ જણાવ્યું હતું. જૂનાગઢના અધિક નિવાસી કલેક્ટર શ્રી એન. એફ. ચૌધરીએ જણાવ્યું હતું કે **PM-USHA** અંતર્ગત મળનાર ગ્રાન્ટના કારણે યુનિવર્સિટીમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતની સુવિધાઓને વેગ મળશે જે પ્રગતિમાં આશીર્વાદરૂપ સાબિત થશે. ઊંડાણપૂર્વક અધ્યયન કરવાથી સફળતા પણ મળે છે તેવી પણ તેઓએ વિદ્યાર્થીઓને શીખ આપી હતી.

જૂનાગઢના પ્રબુદ્ધ વેપારી અગ્રણી જીતુભાઈ ભીંડીએ જણાવ્યું હતું કે યુનિવર્સિટી સાથે જૂનાગઢ શહેરનો પણ વિકાસ થશે તે ગૌરવની બાબત છે. સહિયારા પ્રયાસથી ચોક્કસપણે સફળતા મળે જ છે તેવું પણ તેઓએ જણાવ્યું હતું.

કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલસચિવ ડો.ડી.એચ.સુખડીયા પણ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં સમાજશાસ્ત્ર ભવનના અધ્યક્ષ પ્રો.(ડો.)જયસિંહ ઝાલાએ સ્વાગત પ્રવચન કરી મહેમાનોનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન ડો.નિશીથ ધારૈયાએ કર્યું હતું તથા અંતમાં આભારવિધિ પ્રો.(ડો.)સુહાસ વ્યાસે કરી હતી.

# જૂનાગઢ કડીયા સમાજના પ્રમુખ તરીકે વિવેકભાઈ ગોહેલની વરણીને આવકારી

જૂનાગઢ, તા.૨૧



જૂનાગઢ કડિયા સમાજના પ્રમુખ અને સહુના વડીલ એવા ધીરૂભાઈ ગોહેલનુ દુઃખદ અવસાન થતા પ્રમુખની જગ્યા ખાલી પડતા જૂનાગઢ વિવેક ધીરૂભાઈ ગોહેલને ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ જૂનાગઢના પ્રમુખ બનાવવામાં આવ્યા તે બદલ ખુબ ખુબ અભિનંદન સહ શુભેચ્છાઓ સમાજના અગ્રણીઓ દ્વારા આપવામાં આવી હતી. વિવેકભાઈ ગોહેલ હાલ જૂનાગઢ હિન્દુ ધર્મ સેનાના જિલ્લા અને શહેરના પ્રમુખ તરીકે, સ્વામિનારાયણ મુખ્ય મંદિર જૂનાગઢના ટ્રસ્ટી, સોરઠ સેવા સમિતિના ટ્રસ્ટી, જૂનાગઢ ખાદી સંસ્થામાં પણ ટ્રસ્ટી ઉપરાંત વિવિધ સંસ્થામાં જોડાઈ ખુબ સારી રીતે કામ જારી રહ્યા છે. ધીરૂભાઈ ગોહેલ દ્વારા શ્યામવાડી જૂનાગઢ, કડિયા બોર્ડિંગ, ભવનાથ સમાજની વાડી - ધર્મશાળા હોય કે ગામે ગામ શ્યામવાડીઓ બનાવવામાં અને ગુજરાતની બક્ષીપંચ જાતિમાં સમાવેશ કરવા અને રાજકીય રીતે પણ સમાજને સંગઠિત કરવા, બાંધકામના વ્યવસાય સહીત કડિયાને એક આગવી ઓળખ અપાવી છે તે સમાજ માટે ગૌરવની વાત છે ત્યારે વિવેકભાઈ વિવિધ બાબતે કડિયા સમાજ જૂનાગઢને ખુબ ઊંચાઈએ લઈ જઈ શકે તેવી ક્ષમતા અને તેના પિતાજીનો વારસો જાળવી કામ કરશે તેવી શુભેચ્છા સાથે સમાજની અપેક્ષા પણ છે.

## ત્વરિત પેન્ડિંગ PAYMENTની ચુકવણી નહિ થાય તો

# તારીખ ૨૬ થી ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૪ સુધી ગુજરાત રાજ્યમાં PMJAY યોજના હેઠળ સારવાર બંધ

**અનેક હોસ્પિટલો સ્ટાફને પગાર અને સારવાર માટે જરૂરી દવાઓના તથા અન્ય બીલો ચૂકવવા અસમર્થ PMJAY યોજના મુલ્તવી રાખવા સિવાય કોઈ વિકલ્પ નહીં**

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૧

પીએમ જય એમ્પેનલ પ્રાઈવેટ હોસ્પિટલ એસોસિએશન ઓફ ગુજરાત દ્વારા ૧૩ ફેબ્રુઆરીના રોજ કરવામાં આવેલી પ્રેસ કોન્ફરન્સ પછી પણ સરકારે માત્ર પાંચથી દસ ટકા જેટલું મજાક અને પાત્ર પેમેન્ટ રિલીઝ કર્યું છે. જે કોઈપણ હોસ્પિટલને ચલાવવા માટે પૂરતું ન જ હોય એ સ્વાભાવિક છે. આથી આર્થિક સંકળામણ અનુભવતી આ હોસ્પિટલો પોતે જ હવે વેન્ટિલેટર પર આવી જાય એવી પરિસ્થિતિ સર્જાઈ છે. ગરીબ દર્દીઓની જીવાદોરી સમાન આપણા લાડીલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ડ્રીમ યોજના હાલ ગુજરાતમાં જ અત્યંત વિકટ પરિસ્થિતિમાં છે. આ ઉપરાંત અત્યારે ચાલી રહેલી બજાજ ઈન્સ્યોરન્સ કંપની દ્વારા હોસ્પિટલના પેમેન્ટમાં ડિડક્શન અને રિજેક્શન ઉપરાંત બિનજરૂરી કનડગતો હજુ પણ ચાલુ જ છે.

પીએમજય અધિકારીઓ અને સરકારને વારંવાર રજૂઆત કરવા છતાં પણ કોઈ પરિણામ આવતું નથી. પીએમજય એમ્પેનલમેન્ટ પ્રાઈવેટ હોસ્પિટલ ના ૨ વર્ષ નું ૩૦૦ કરોડ થી વધારે પેમેન્ટ બાકી છે. આથી આખરે ના છૂટકે આ બાબત ને લોકો સુધી પહોંચાડવા ગુજરાતની હોસ્પિટલો તા ૨૬ થી ૨૯ ફેબ્રઆરી એમ ચાર દિવસ માટે પ્રતીકાત્મક રીતે **PMJAY** યોજના હેઠળ સારવાર બંધ રાખવામાં આવશે એમ **PMJAY Empanelled Private Hospitals Association of Gujarat** એ જણાવ્યું છે.ઈમર્જન્સી સારવાર ચાલુ રાખવામાં આવશે.

એ જોતા એવું લાગે છે કે હવે પીએમજય યોજના માટે દર્દીઓને સારવાર લેવા માટે સરકારી હોસ્પિટલમાં જ જવું પડશે એવી સ્થિતિ ટૂંક સમયમાં ઊભી થઈ જશે. મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રી આ બાબત ને ગંભીરતાથી ધ્યાનમાં લઈ સત્વરે આ હોસ્પિટલના પ્રશ્નોનો ત્વરીત ગતિએ ઉકેલ આવે એવી વ્યવસ્થા કરવા ગુજરાતના નાગરિકો તરફથી વિનંતિ છે. આ સમગ્ર પ્રશ્ન ના ઉકેલ માટે **PEPHAG** દ્વાર ફરીથી માનનિય મુખ્યમંત્રી, આરોગ્યમંત્રી, **PMJAY officials, Chief District Health Officer, District Project Officer** વગેરેને **email** દ્વારા જાણ કરવામા આવી છે. અને આ **email**ની કોપી માનનિય પ્રધાનમંત્રી અને કેન્દ્રના આરોગ્યમંત્રીને પણ મોકલવામાં આવી છે. આ મીડિયાના માધ્યમથી પણ **PEPHAG** દ્વારા પ્રધાનમંત્રી અને કેન્દ્રીય આરોગ્ય મંત્રીને પણ આ ગંભીર પરિસ્થિતિ ને સત્વરે ઉકેલવા વિનંતી છે. વધુ માહિતી માટે ડો. રમેશભાઈ મો. ૭૦૧૬૭૪૮૭૮૧, ડો. દિવ્યેશ વીરોજા મો. ૯૮૨૫૨ ૫૬૫૭૮, ડો. ઉમેશ ગોધાણી મો.૯૮૨૫૩૦૬૫૪૪નો સંપર્ક કરવા જણાવેલ છે.

# ડો.હરીભાઈ ગોધાણી કેમ્પસ ખાતે કાનુની સેવા સમિતિ દ્વારા શિબીર યોજાઈ

જૂનાગઢ, તા.૨૧



વર્લ્ડ ડે ઓફ સોશિયલ જસ્ટિસની વિશેષ ઉજવણીના ભાગરૂપે તા.૨૦/૦૨/૨૦૨૪, મંગળવારના રોજ શ્રી સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ, ડો.હરિભાઈ ગોધાણી કેમ્પસ પર ગુજરાતની એકમાત્ર મહિલા લો કોલેજ એવી એચ.એમ.પટેલ મહિલા લો કોલેજમાં જૂનાગઢ તાલુકા કાનૂની સેવા સમિતિ દ્વારા વિદ્યાર્થીઓમાં સમાજના તકરાર નિવારણનું સોલ્યુશન કઈ રીતથી લાવી શકાય તેના માટેનું વિશેષ માર્ગદર્શન વિદ્વાન વકીલ રાજદીપભાઈ વી. કનેરિયા તેમજ પી.એલ.વી. ભાવનાબેન જોગડીયા દ્વારા આપવામાં આવેલ હતું. આ શિબિરમાં કાયદાના વિદ્યાર્થીઓ સમાજમાં વૈકલ્પિક કરારના નિવારણ માટેનું કામ કરી શકે અને કોર્ટ ઉપર કેસનું ભારણ ઘટાડી શકાય તે માટેના આયામો ઉપર ગહનતાથી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું હતું. આ તકે કોલેજના ઈન. આચાર્ય હિરલબેન જોશી, પ્રાધ્યાપકશ્રીઓ સાધનાબેન ડોબરીયા, પાયલબેન ખીચડીયા, ચેતનાબેન, હિરલબેન, શ્રદ્ધાબેન તથા સમગ્ર સ્ટાફ તેમજ સંકુલ પરિસરના હોદ્દેદારો અને ચેરમેન મેનેજિંગ ટ્રસ્ટી જે. કે. ઠેસિયાએ સૌને શુભકામના પાઠવી હતી.

## જૂનાગઢ સત્યમ સેવા યુવક મંડળ દ્વારા

# રવિવારે ૩૮ માં સર્વ જ્ઞાતિ સમૂહ લગ્ન તેમજ બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે

જૂનાગઢ, તા.૨૧

જૂનાગઢ જાણીતી સેવા ભાવિ સંસ્થા સત્યમ સેવા યુવક મંડળ દ્વારા તા.૨૫/ ૨/ ૨૦૨૪ના રવિવારના રોજ સનાતન હિન્દુ ધર્મશાળા ખાતે સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવેલ છે જેમાં જરૂરિયાત મંદ જેણે માતા અને પિતા ગુમાવ્યા હોય તેમ જ આર્થિક રીતે નબળા કુટુંબની ૨૫ દીકરીઓ પ્રભુતામાં પગલા પાડશે. આ સમૂહ લગ્નમાં દિવ્યાંગ દીકરી પણ પ્રભુતામાં પગલા પાડશે. આ સમૂહ લગ્નમાં આશીર્વચન માટે પૂજ્ય શેરનાથ બાપુ, પૂજ્ય મુક્તાનંદબાપુ, પૂજ્ય મહેશ ગીરીબાપુ, પૂજ્ય ભારતીબાપુ, પૂજ્ય તનસુખ ગીરીબાપુ વગેરે સહિતના સંતો ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવશે. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પોલીસ મહાનિરીક નિલેશભાઈ જાજડીયા , ડોક્ટર ચેતનભાઈ ત્રિવેદી, [redacted]

સત્યમ સેવા યુવક મંડળ દ્વારા છેલ્લા ૪૦ વર્ષથી સેવાકીય પ્રવૃત્તિ સાથે ઉત્તરદાયિત્વ નિભાવે છે. સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને ભોજન ચા, પાણી નાસ્તો વગેરે હરીદ્ર નારાયણ સેવા થાય છે તેમજ સંસ્થાના મકાનમાં કોમ્પ્યુટર વર્ગ, શિક્ષણ વર્ગ, વિદ્યાર્થીઓને નોટબુક, બન્સ, વોર્ડમાં આઈસ્ક્રીમ તથા સર્વ જ્ઞાતિઓ સમુહ લગ્ન પાણીના પરબો ઉનાળામાં છાશ વિતરણ આવી અનેક પ્રકારની સેવાકીય પ્રવૃત્તિ ની અખંડ જ્યોત ચાલે છે. તેમજ હર વખતની જેમ આ વર્ષે પણ સમુહ લગ્નમાં બ્લડ ડોનેશન કેમ્પ રાખેલ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રમુખ મનસુખભાઈ વાજા, અરવિંદભાઈ મારડિયા, શાંતાબેન બેસ, કમલેશભાઈ પંડ્યા, બટુકબાપુ, અલ્પેશભાઈ પરમાર, પ્રવીણભાઈ જોશી, મનોજભાઈ રાજા, કે. કે. ગોસાઈ, મુકેશ ગીરી મેઘનાથી વગેરે દ્વારા કાર્યક્રમને



સફળ બનાવવા ભારે જેમ ઉઠાવી રહ્યા છે.

# આવતીકાલે ગુરૂપુષ્યામૃત યોગ માં વિશ્વકર્મા જયંતી ઉજવાશે

મહા શુદ તેરસને ગુરૂવાર તા.૨૨/૨/૨૦૨૪ના દિવસે વિશ્વકર્મા જયંતી છે તથા આ દિવસે ગુરુપુષ્યામૃત યોગ પણ સવારે ૭:૧૪ થી સાંજના ૪:૪૩ સુધી છે આથી આ દિવસ સોના ચાંદી જમીન મકાન વાહનની તથા દરેક શુભ ખરીદી માટે ઉત્તમ રહેશે તથા આ દિવસે વિશ્વકર્મા જયંતી હોવાથી આ દિવસ ઉત્તમ ગણાશે. એક માન્યતા પ્રમાણે વિશ્વકર્મા દાદા ને બ્રહ્માજી ના વંશજ માનવામાં આવે છે અને વાસ્તુ દેવના પુત્ર માનવામાં આવે છે ઉત્તર તથા પશ્ચિમ ભારતમા એટલે કે ગુજરાતમાં વિશ્વકર્મા જયંતી મહા મહિના ની તેરસ ના દિવસે મનાવવામાં આવે છે જ્યારે ભારતના અન્ય ભાગોમાં ભાદરવા મહિના મા મનાવવામાં આવે છે. વિશ્વકર્મા દાદાએ સોનાની લંકા તથા દ્વારકા નગરીનું નિર્માણ પણ વિશ્વકર્મા દાદા કરેલું ભગવાન વિશ્વકર્માએ દેવતાઓ તથા લોકો માટે, ભવનો અને મંદિરો બનાવ્યા હતા . આ દિવસે વિશ્વકમા દાદા ની પૂજા તમામ કલાકારો, કારીગરો અને કુંટુબો દ્વારા કરવી શુભ અને ઉત્તમ છે અને વિશ્વકર્મા જયંતી ના દીવસે વિશ્વકર્મા દાદાની પૂજા કરવાથી ઘરમાં તથા વ્યાપારમાં સુખ – સમૃદ્ધિ આવે છે . વિશ્વકર્માની વિધિપૂર્વક પૂજા કરવાથી ઘર અને દુકાનમાં સુખ અને સમૃદ્ધિ મળે છે . આ દિવસે, તમામ કાર્ય મા વપરાયેલા મશીનો પૂજા કરવાથી બરકત આવે છે ત્યારબાદ ભગવાન વિષ્ણુની સાથે વિશ્વકર્માજીની પ્રતિમાનું અથવા છબીને ચાંદલો ચોખા કરી અબીલ ગુલાલ કંકુ અર્પણ કરી પૂજા - અર્ચના કરવી . દીવો અને ધૂપ વગેરે પ્રગટાવીને વિષ્ણુ ભગવાન અને વિશ્વકર્મા જી ની આરતી કરવી તથા જે લોકો કારીગરી કામ સાથે જોડાયેલા હોય જે લોકો મશીનરીના કામ સાથે જોડાયેલા હોય તેઓએ વિશ્વકર્મા દાદા ની પૂજા ખાસ કરવી ખાસ કરીને જમીન મકાનના બાંધકામ ના કામ સાથે જોડાયેલા લોકોએ વિશ્વકર્મા દાદાની પૂજા ખાસ કરવી આપને કલાકારી ગીરી માં પણ વધારો થશે વિશ્વકર્મા દાદા એ સોનાની દ્વારકા નગરી પણ બનાવેલી વિશ્વકર્મા દાદા એ તે ઉપરાંત સોના ની લંકા ઈન્દ્રનુ વજ્.. પુષ્પક વિમાન તથા શિવજીનું ત્રિશુલ અને પાંડવોની ઈન્દ્રપ્રસ્થ નગરી નું પણ નિર્માણ વિશ્વકર્મા દાદા એ કરેલું છે.

**- શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંત રત્ન)**

# ધરમપુર ખાતે ત્રિ દિવસીય યોગ કોચ શિબિરની થયેલ પૂર્ણાહુતિ

(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા, તા.૨૧



ગુજરાત રાજ્ય યોગ બોર્ડ તથા શ્રીમદ્ રાજચંદ્ર મિશન વલસાડ ધરમપુરના સંયુક્ત ઉપક્રમે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ચેરમેન યોગસેવક શ્રી શિશપાલજી તથા એસ.આર.ડી.એમ સંચાલક આત્માર્પિત શ્રદ્ધાજી ના અધ્યક્ષ સ્થાને સમગ્ર ગુજરાત રાજ્યની યોગ કોચ નિવાસી ત્રિ દિવસીય તાલીમ શિબિરની ગત ૧૭ ફેબ્રુઆરીએ સફળતાપૂર્વક પુર્ણાહુતિ થઈ છે જેમાં ગુજરાતના તમામ જિલ્લાઓમાંથી લગભગ ૪૫૦ જેટલા યોગ કોચોએ તાલીમ લીધી હતી. સૌરાષ્ટ્ર ઝોન કોઓર્ડીનેટર આદરણીય શ્રી પ્રીતિબેન શુકલ, દેવભૂમિ દ્વારકા જિલ્લા યોગ [redacted]

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# ભરતી પરીક્ષામાં ગેરરીતી અટકાવવા કાયદો ઘડાશે

ભરતી પરીક્ષાઓમાં ગોબાચારી અને ગરબડોને રોકવા માટે નવો કાયદો બનાવવાની કેન્દ્ર સરકારની તૈયારી સમયની જરૂરિયાત છે. આશા રાખવામાં આવે છે કે આ પ્રકારનો કોઈ કાયદો સંસદના આ જ સત્રમાં આવી શકે, કારણ કે બજેટ સત્રને સંબોધિત કરતાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સ્પષ્ટ કર્યું હતું કે સરકાર પરીક્ષાઓમાં ગરબડોને રોકવા માટે કાયદો લાવવા જઈ રહી છે. આવા કાયદાની જરૂરિયાત એટલા માટે વધી ગઈ હતી, કારણ કે ભરતી પરીક્ષાઓમાં કૌભાંડના કિસ્સા અટકતા નહોતા દેખાતા. ભરતી પરીક્ષાઓમાં ગોબાચારી થવી અથવા પ્રશ્નપત્રો લીક થઈ જવા બહુ સામાન્ય થઈ ગયું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં વિભિન્ન રાજ્યોમાં કેટલીય ભરતી પરીક્ષાઓનાં પેપરો ફૂટી ગયાં છે અથવા તેમાં ગરબડના કિસ્સા સામે આવ્યા છે. જ્યારે આવું થાય છે તો માત્ર પરીક્ષાઓની વિશ્વસનીયતા પર જ પ્રશ્નચિહ્ન નથી લાગતું, પણ લાખો છાત્રોના સંસાધન અને સમયની બરબાદી પણ થાય છે. પરીક્ષા પ્રણાલીઓ સંદર્ભે જેટલું એ જરૂરી છે કે તેનું સંચાલન પૂરતી પારદર્શિતા, નિષ્પક્ષતા અને વિશ્વસનીયતા સાથે કરવામાં આવે, એટલું જ એ પણ કે તે યુવાઓને ભરોસો અપાવનાર હોય કે તેમને તેમના પ્રયાસોનું યોગ્ય ફળ મળશે અને તેમનું ભવિષ્ય સુરિક્ષત છે.

જોકે કેટલાંક રાજ્યોએ ભરતી પરીક્ષાઓમાં ગરબડો રોકવા માટે કડક પગલાં ભર્યાં છે અને એવી પરીક્ષાઓના પ્રશ્નપત્ર લીક કરનારાઓ વિરુદ્‌ધ રાષ્ટ્રીય સુરક્ષા કાયદા અંતર્ગત કાર્યવાહી પણ કરી છે, પરંતુ એ કહેવું મુશ્કેલ છે કે ભરતી પરીક્ષાઓમાં ગરબડ કરનારાઓનું દુસ્સાહસ અટકતું નથી. તેની અવગણના ન કરવી જોઈએ કે ભરતી પરીક્ષાઓમાં ગરબડ કરનારાઓની સંગઠિત ટોળકી તૈયાર થઈ ચૂકી છે. આ ટોળકી રહી રહીને પરીક્ષાઓને નિશાનો બનાવે છે. આવી ટોળકી અથવા આવા તત્ત્વો પરીક્ષાઓની વિશ્વસનીયતાને પ્રણાલીની અંદર અને બહાર બંને બાજુથી નુક્સાન પહોંચાડી રહ્યા છે. એવાં તત્ત્વોને તેની અનુમતિ ન આપી શકાય કે તે ઈમાનદારીથી પરીક્ષાઓમાં ભાગ લેનારા અભ્યર્થીઓના ભવિષ્ય સાથે રમત કરતા રહે. હાલમાં કહેવું મુશ્કેલ છે કે કેન્દ્ર સરકાર ભરતી પરીક્ષાઓમાં ગરબડો રોકવા માટે જે કાયદો લાવવાની તૈયારી કરી રહી છે તેનું રૂપ કેવું હશે, અને તે પર્યાપ્ત પ્રભાવી સિદ્‌ધ થઈ શકશે કે નહીં. એવામાં જરૂરિયાત એની છે કે ભરતી પરીક્ષાઓની શુચિતા અને વિશ્વસનીયતા જળવાઈ રહે તે માટે કોઈ પ્રભાવી કાયદો લાવવો જોઈએ, બલ્કે એ પણ જોવું જોઈએ કે એના પર યોગ્ય રીતે અમલ પણ થાય.

# ઘટી જશે તમારી લોનનો હપ્તો ? કેન્દ્રીય મંત્રીએ આપ્યો સંકેત

નવી દિલ્હી, તા.૨૧

દેશનો સામાન્ય માણસ ઘણાં લાંબા સમયથી રાહ જોઈ રહ્યો છે કે ક્યારે **RBI** રેપો રેટમાં ઘટાડો કરે અને ક્યારે તેને **EMI**ના બોજામાં થોડી રાહત મળે. જોકે હવે આ આતૂરતાનો અંત આગામી સમયમાં આવતો દેખાઈ રહ્યો છે. હાલમાં જ કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયૂષ ગોયલે સંકેત આપ્યા છે કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા આગામી સમયમાં રેપો રેટમાં ઘટાડો કરી શકે છે. જેની સીધી અસર **EMI**ની ચૂકવણીની રકમ પર જોવા મળશે અને તે ઘટી શકે છે. તેમણે વિશ્વાસ દર્શાવ્યો કે મોંઘવારી પર કાબૂ મેળવવામાં સફળતા મળી રહી છે અને તે સાથે આરબીઆઈ પોતાની આગામી બેઠકમાં નીતિગત દરોમાં ઘટાડાની જાહેરાત કરી શકે છે. મોંઘવારી પર કાબૂ પામવા માટે વધાર્યો હતો વ્યાજ દરઃ દેશમાં નીતિગત દર એટલે કે રેપો રેટ ફેબ્રુઆરી ૨૦૨૩થી સતત ૬.૫ ટકાના દરે યથાવત રહ્યા છે. આવું થવા પાછળનું કારણ આરબીઆઈએ જણાવ્યું હતું કે મોંઘવારીને કાબૂમાં કરવા માટેનું છે. ગોયલે કહ્યું કે દેશની આર્થિક સ્થિતિ મજબૂત છે અને મોંઘવારી કાબૂમાં આવી છે. તેમણે કહ્યું કે ભારતમાં છેલ્લા ૧૦ વર્ષમાં સરેરાશ મોંઘવારી દર ૫થી ૫.૫ ટકા વચ્ચે રહ્યો છે. આ સૌથી સારું પ્રદર્શન કરનારો દશકો રહ્યો છે. જેના કારણે વ્યાજ દરોમાં ઘટાડો આવ્યો છે અને કેન્દ્રીય બેંક મજબૂત બની છે. તેથી તે આગામી સમયમાં વ્યાજ દરને ઘટાડવાની ક્ષમતા ધરાવે છે. તેમણે કહ્યું છે ચોક્કસપણે પાછલા કેટલાક વર્ષોમાં મોંઘવારી વધી છે. જેનું કારણ આંતરાષ્ટ્રીય જિયોપોલિટિકલ સ્થિતિ છે. જેમાં યુક્રેન રશિયા સહિતની ઘટનાના કારણે વ્યાજ દરોમાં ૨.૫૦ ટકા સુધીનો વધારો કરવાની ફરજ પડી છે. પરંતુ હવે મુદ્રાસ્ફીતિ ઘણા પ્રમાણમાં કાબૂમાં છે. મને આશા છે કે વ્યાજ દરોની સ્થિતિમાં નજીકમાં જ સુધાર આવશે અને તેનાથી આગામી મોનેટરી કમિટીની બેઠકમાં નિર્ણય જડોવા મળી શકે છે, અથવા તો તેના બાદની બેઠકમાં રેપો રેટ જરૂર ઓછો થશે. ૫ એપ્રિલ ૨૦૨૪માં છે **RBI**ની આગામી બેઠકઃ તમને જણાવી દઈએ કે કેન્દ્રીય બેંક **RBI** દર વર્ષે ૪ વાર મોનેટરી કમિટીની બેઠક ફરજીયાતપણે કરે છે. જેમાં તે દેશની આર્થિક સ્થિતિ, મોંઘવારી અને આંતરાષ્ટ્રીય સ્થિતિઓની સમિક્ષાના આધારે નીતિગત વ્યાજ દરો નક્કી કરે છે. આગામી આરબીઆઈ બેઠક ૫ એપ્રિલના રોજ યોજાશે જેમાં તે વ્યાજ દરો ઘટાડવાની જાહેરાત કરી શકે છે. તમને જણાવી દઈએ કે આ પહેલાની બેઠક ૮ ફેબ્રુઆરીએ પૂર્ણ થઈ હતી અને તેમાં કેન્દ્રીય બેંકે સતત છઠ્ઠીવાર વ્યાજ દરને યાથાવત ૬.૫ ટકા પર યથાવત રાખ્યો હતો. કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ આધારિત ફુગાવો આ વર્ષે જાન્યુઆરીમાં ૫.૧ ટકા હતો, જે એક વર્ષ અગાઉના સમાન મહિનામાં ૬.૫૨ ટકાના સ્તરે હતો. જથ્થાબંધ ભાવ સૂચકાંક આધારિત ફુગાવો જાન્યુઆરીમાં ૦.૨૭ ટકાના ત્રણ મહિનાના નીચલા સ્તરે હતો. જથ્થાબંધ ફુગાવાનો દર મુખ્યત્વે ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં ઘટાડાને કારણે નીચે આવ્યો છે. લેટિન અને કેરેબિયન દેશોના પત્રકારોને સંબોધતા, ગોયલે એમ પણ કહ્યું કે સરકાર ૨૦૪૭ સુધીમાં **$30,000** બિલિયનથી **$35,000** બિલિયનની અર્થવ્યવસ્થા બનાવવાનું લક્ષ્ય ધરાવે છે, જે હાલમાં **$3,700** બિલિયન છે.

# જાપાન-બ્રિટનમાં મંદી : યુદ્ધ છતાં રશિયાની અર્થવ્યવસ્થા મજબૂત કેવી રીતે?

નવી દિલ્હી, તા.૨૧

જાપાન હવે વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા નથી. જીડીપીમાં સતત બે ત્રિમાસિક ઘટાડાથી જાપાને ત્રીજું સ્થાન ગુમાવ્યું. આ સાથે જાપાન પણ મંદીમાં ફસાયું છે. જાપાનની સાથે બ્રિટન અને ફિનલેન્ડ સહિત વિશ્વના નવ દેશો મંદીમાં ફસાયા છે. વિશ્વના નવ દેશો આર્થિક મંદી સામે ઝઝૂમી રહ્યા છે - જાપાન, બ્રિટન, ડેનમાર્ક, એસ્તોનિયા, ફિનલેન્ડ, લક્ઝમબર્ગ, મોલ્દોવા, પેરુ અને આયરલેન્ડ. આમાંથી સાત દેશો યુરોપના છે. એશિયાનો દેશ જાપાન અને દક્ષિણ અમેરિકાનો દેશ પેરુ મંદી સામે ઝઝૂમી રહ્યો છે. આફ્રિકા અને ઉત્તર અમેરિકાનો કોઈ દેશ સામેલ નથી. અહીં અમે તમને જણાવીશું કે મંદીગ્રસ્ત દેશોની જીડીપી શું છે, તેમના પર કેટલું દેવું છે, છેલ્લી વખત મંદી આવી હતી ત્યારે કેટલા લોકોએ નોકરી ગુમાવી હતી, આ મંદીની ભારત અને દુનિયા પર શું અસર પડશે. મંદી એટલે ઓછું વેચાણ. ઓછું વેચાણ એટલે ઓછું ઉત્પાદન. ઉત્પાદન ઘટે તો ધંધો ઘટે. જો ધંધો ઘટશે તો નોકરીઓ ઘટશે. ઓછી નોકરીઓને કારણે સામાન્ય માણસની આવક પણ ઓછી છે. મતલબ કે માંગ હતી. જો વેચાણ ઓછું હોય તો ઉત્પાદન વધુ ઘટે છે. આ રીતે આ ચક્ર ચાલુ રહે છે. જ્યારે કોઈપણ દેશનો જીડીપી સતત બે ત્રિમાસિક ગાળામાં ઘટે છે, ત્યારે તેને તકનીકી રીતે મંદી કહેવામાં આવે છે. બે ક્વાર્ટર એટલે ૬ મહિના. બીજા સાદા શબ્દોમાં સમજો, જ્યારે કોઈ દેશની અર્થવ્યવસ્થા વધવાને બદલે ઘટવા લાગે છે અને આવું સતત છ મહિના સુધી થતું રહે છે. તે દેશમાં આર્થિક મંદીની સ્થિતિ માનવામાં આવે છે. જાપાન સરકાર દ્વારા જાહેર કરાયેલા ડેટા અનુસાર, દેશની જીડીપી ગયા વર્ષની સરખામણીમાં ઓક્ટોબર-ડિસેમ્બર ૨૦૨૩ના ત્રિમાસિક ગાળામાં અપેક્ષા કરતાં ૦.૪ ટકા વધુ ઘટી હતી. તે પહેલા, જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૨૩ ક્વાર્ટરમાં અર્થતંત્ર ૩.૩ ટકા ઘટ્યું હતું. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડએ ઓક્ટોબરમાં જ અનુમાન લગાવ્યું હતું કે જર્મની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની શકે છે. અહેવાલો અનુસાર જાપાનની કરન્સી યેન ડોલર સામે સતત નબળી પડી રહી છે. યેન નબળો પડવાને કારણે નિકાસ પરનો નફો ઘટી રહ્યો છે. આજે ૧૫૦ યેનનું મૂલ્ય એક ડોલર જેટલું છે. ગયા વર્ષે આ જ સમયે ૧૨૭ યેન એક ડોલરની બરાબર હતો. આ ઉપરાંત દેશ મજૂરોની અછત અને ઓછી જન્મદર સાથે પણ ઝઝૂમી રહ્યો છે. વિશ્વની ટોચની અર્થવ્યવસ્થાઓની યાદીમાં જાપાન ત્રીજા સ્થાનેથી ચોથા સ્થાને આવી ગયું છે. તેના સ્થાને, યુરોપની સૌથી મોટી અર્થવ્યવસ્થા જર્મની હવે ત્રીજા સ્થાને છે. ૨૦૨૩માં જાપાનનો જીડીપી ૪.૨૩ ટ્રિલિયન ડોલર છે જ્યારે જર્મનીનો ૪.૪૨ ટ્રિલિયન ડોલર છે. અમેરિકા અને ચીન અનુક્રમે પ્રથમ અને બીજા સ્થાને છે. આ પછી ભારત ૩.૭૩ ટ્રિલિયન ડોલરની જીડીપી સાથે વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાં પાંચમા ક્રમે છે. ભારત પછી યુનાઈટેડ કિંગડમ છઠ્ઠા સ્થાને મંદી સાથે સંઘર્ષ કરી રહ્યું છે. જાપાન અને બ્રિટન એવા દેશો છે જેમની અર્થવ્યવસ્થા વિશ્વના ટોપ-૧૦ દેશોમાં સામેલ છે. આ સિવાય આયરલેન્ડ, ડેનમાર્ક, ફિનલેન્ડ અને પેરુની અર્થવ્યવસ્થા ૨૮ હજાર કરોડ ડોલરથી ૬૦ હજાર કરોડ ડોલરની વચ્ચે છે. મંદીનો સામનો કરી રહેલા લક્ઝમબર્ગ અને એસ્તોનિયાની જીડીપી ૧૦ હજાર કરોડ રૂપિયાથી ઓછી છે. મોલ્ડોવાની અર્થવ્યવસ્થા ૨૦૨૩ માં માત્ર ૧૬ અબજ ડોલર હતી. જો કે, આ દેશો વસ્તીની દ્રષ્ટિએ પણ ઘણા નાના છે. આ દેશોનો જીડીપી વૃદ્ધિ દર પણ કંઈ ખાસ નથી. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ અનુસાર, ૨૦૨૩માં એસ્તોનિયા, ફિનલેન્ડ અને લક્ઝમબર્ગનો જીડીપી વૃદ્ધિ દર વધવાને બદલે ઘટશે. એટલે કે તે માઈનસમાં આવી ગયું છે. બાકીના સાત મંદીગ્રસ્ત દેશોમાંથી કોઈનો વિકાસ દર બે ટકાથી વધુ નહોતો. જોકે, એવો અંદાજ છે કે ૨૦૨૪માં આ દેશોની સ્થિતિમાં સુધારો થશે. અમેરિકા વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા છે પરંતુ જીડીપીની દ્રષ્ટિએ સૌથી વધુ દેવું ધરાવતો દેશ જાપાન છે. જાપાન પર તેની જીડીપી કરતાં અઢી ગણું વધુ દેવું છે. સાથે જ બ્રિટન પર પણ તેના જીડીપી કરતા વધુ દેવું છે. જો કે, અન્ય મંદીગ્રસ્ત દેશોનું દેવું તેમના જીડીપીના લગભગ અડધું છે. મોટી અર્થવ્યવસ્થા ધરાવતા કોઈપણ દેશમાં મંદી એ ચિંતાનો વિષય છે કારણ કે તે અન્ય દેશોને અસર કરે છે. જાપાન અને બ્રિટનમાં મંદીની અસર ભારતમાં ઓછી થવાની શક્યતા છે. કારણ કે ભારતનો જીડીપી વૃદ્ધિ દર સારો છે.

# અમેરિકામાં હાલ ૩.૭ કરોડ લોકો ગ્રીનકાર્ડની રાહમાં

અમદાવાદ, તા.૨૧

સ્ટૂડન્ટ કે પછી વર્ક વિઝા પર અમેરિકા જતાં લોકો મોકો મળતાં જ ગ્રીન કાર્ડ માટે એપ્લિકેશન કરી દેતા હોય છે, પરંતુ હાલ ગ્રીનકાર્ડ માટે એટલું લાંબુ વેઈટિંગ ચાલી રહ્યું છે કે તેની રાહ જોઈ રહેલા મોટાભાગના ભારતીયોને આખી જિંદગી પૂરી થાય ત્યાં સુધી ગ્રીન કાર્ડ મળી શકે તેમ નથી. અમેરિકાએ દરેક દેશના લોકો માટે ગ્રીન કાર્ડનો અમુક ચોક્કસ ક્વોટા નક્કી કર્યો છે, જે અનુસાર દર વર્ષે ગ્રીન કાર્ડ ઈશ્યૂ કરવામાં આવે છે. જોકે, જેટલા લોકોને ગ્રીન કાર્ડ ઈશ્યૂ થાય છે તેના કરતાં અનેક ગણા વધુ લોકો તેના માટે એપ્લિકેશન કરે છે, અને તેના લીધે બેકલોગ સતત વધતો જ જાય છે. આ અંગે કેટો ઈન્સ્ટિટ્યૂટ દ્વારા કરવામાં આવેલા એક રિસર્ચમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે જેટલા લોકો હાલ ગ્રીન કાર્ડની રાહ જોઈ રહ્યા છે તેમાંથી ૨૦૨૪માં માત્ર ત્રણ ટકા લોકોને જ અમેરિકાની પરમેનન્ટ રેસિડેન્સી મળી શકશે. આ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા રજૂ કરવામાં આવેલા એક વ્હાઈટ પેપર અનુસાર, ગ્રીન કાર્ડ માટે એપ્લિકેશન કરનારા ૧૮ લાખ લોકોએ એમ્પ્લોયમેન્ટ બેઝ્‌ડ કેટેગરીમાં એપ્લિકેશન કરી છે, પરંતુ ગ્રીન કાર્ડનું જ લાંબુલચક વેઈટિંગ હોવાથી જે લોકોને પરમેનન્ટ રેસિડેન્સી મળી જશે તેમાંથી પણ માંડ આઠ ટકા લોકો અમેરિકન સિટીઝન બની શકશે. અમેરિકા આ કેટેગરીમાં દર વર્ષે ૧.૪૦ લાખ લોકોને ગ્રીન કાર્ડ આપે છે, જેમાં અલગ-અલગ દેશનો અલગ-અલગ ક્વોટા છે. એમ્પ્લોયમેન્ટ બેઝ્‌ડ ગ્રીન કાર્ડની હાલ જેટલી એપ્લિકેશન પેન્ડિંગ છે તેમાં અડધાથી વધુ તો ઈન્ડિયન્સની જ છે, જેમાં અમુક લોકોને તો ૧૦૦ વર્ષથી પણ વધુ રાહ જોવી પડે તેમ છે, સ્વાભાવિક છે કે આ વેઈટિંગ એટલું લાંબુ છે કે વેઈટિંગ લિસ્ટમાં રહેલા મોટાભાગના ઈન્ડિયન્સને ગ્રીન કાર્ડ વિના જ અમેરિકા છોડવાનો વારો આવશે. ગ્રીન કાર્ડના વેઈટિંગને ઘટાડવા તેમજ તેનું અલોટમેન્ટ વધુ કાર્યક્ષમ રીતે થાય તે માટે કેટો ઈન્સ્ટિટ્યૂટે કેટલાક રસ્તા પણ સૂચવ્યા છે. જેમાં ગ્રીન કાર્ડ ઈશ્યૂ કરવા માટેના હાલના સખ્ત નિયમોને હળવા બનાવવાથી લઈને ગ્રીન કાર્ડની સંખ્યા વધારવા ઉપરાંત હાલ જે કેટેગરી અને દેશના લોકો માટે સૌથી વધુ વેઈટિંગ છે તેમની એન્યુઅલ લિમિટ વધારવા માટે પણ દરખાસ્ત કરવામાં આવી છે. ખાસ કરીને ફેમિલી સ્પોન્સર્ડ બેકલોગની લિમિટ છેક ૧૯૯૦માં સેટ કરવામાં આવી હતી, જેમાં હાલ ૭૦ લાખ કેસ પેન્ડિંગ છે, આ આંકડાને ઓછો કરવાનો એકમાત્ર ઉપાય હાલની લિમિટને વધારવાનો છે. આ ઉપરાંત ૨૦૨૪માં ૩૫ મિલિયન એપ્લિકન્ટ્સને ગ્રીન કાર્ડ ઈશ્યૂ કરવાની અને દર વર્ષે લીગલ ઈમિગ્રેશનમાં દર વર્ષે ૫ મિલિયનનો વધારો કરવાની દરખાસ્ત પણ આ રિપોર્ટમાં કરવામાં આવી છે. અમેરિકામાં ગ્રીન કાર્ડ મેળવવા માટે ચાલી રહેલું ૧૦૦ વર્ષ જેટલું વેઈટિંગ ભારતીયોને સૌથી વધુ પ્રભાવિત કરી રહ્યું છે. તેના પરિણામે અમેરિકામાં આખી જિંદગી નોકરી કરીને ઘણા લોકોને રિટાયર્મેન્ટ બાદ ગ્રીન કાર્ડ ના હોવાથી ભારત પાછા આવવું પડે તેમ છે, એટલું જ નહીં જો તેમના સંતાનો અમેરિકન સિટીઝન ના હોય તો તેમને પણ કોલેજમાં ત્રણ ગણી વધુ ફી ચૂકવવાનો વારો આવે છે, અને ઘણીવાર તો તેમને પોતાના માતા-પિતાથી અલગ પણ થવું પડે છે. અમેરિકાના ઈમિગ્રેશનના કાયદામાં છેલ્લા ઘણા વર્ષોથી કોઈ ફેરફાર નથી થયો, દેશમાં આવનારા વિદેશીઓની સંખ્યા સતત વધી રહી છે પરંતુ દર વર્ષે ગ્રીન કાર્ડ ઈશ્યૂ કરવાની ચોક્કસ લિમિટ જે વર્ષો પહેલા નક્કી કરવામાં આવી હતી તે આજે પણ એમની એમ છે.

# સૌરાષ્ટ્રમાં જળ સંકટના એંધાણ, ૯ ડેમ સુકાયા, ૨૦ ડેમ ખાલી થવાની તૈયારીમાં

કચ્છ, તા.૨૧

દર વર્ષે ઉનાળામાં સૌરાષ્ટ્રમાં પાણીની સમસ્યા સર્જાય છે. જો કે આ વર્ષે ઉનાળા પહેલા જ પાણીની સમસ્યાના સંકેત દેખાવા લાગ્યા છે. ઉનાળા પહેલા જ સૌરાષ્ટ્ર પર જળ સંકટ ઊભુ થયુ છે. સૌરાષ્ટ્રના નવ ડેમ સુકાઈ ગયા છે. હજુ તો ગુજરાતમાં ઉનાળાનું આગમન પણ થયુ નથી, ત્યાં બીજી તરફ સૌરાષ્ટ્ર પર ઉનાળા પહેલા જ જળ સંકટ તોળાઈ રહ્યુ છે. સૌરાષ્ટ્રના નવ ડેમ સુકાઈ ગયા છે. સૌરાષ્ટ્રના ચાર જળાશયોમાં ઝીરો ,પાંચ જળાશયમાં એક ટકાથી પણ ઓછું પાણી છે. જેના કારણે સૌરાષ્ટ્રના લોકો સાથે તંત્ર પણ પાણીના પ્રશ્નને લઈને ચિંતામાં મુકાયુ છે. ઉનાળા પહેલા જ સૌરાષ્ટ્ર પર જળ સંકટ ઊભુ થયુ છે. સૌરાષ્ટ્રના નવ ડેમ સુકાઈ ગયા છે. જેમાંથી ૫ ડેમમાં ઝીરો ટકા અને ૫ ડેમમાં એક ટકાથી પણ ઓછો પાણીનો જથ્થો છે.

# સીંગતેલના ડબ્બામા ૫૦ રૂપિયાનો ભાવ વધારો થયો

રાજકોટ, તા.૨૧

મધ્યમવર્ગના લોકોને અસર કરતા સમાચાર સામે આવ્યા છે. એક તરફ શાકભાજી અને કઠોળના ભાવમાં વધારો થઈ રહ્યો છે. ત્યાં હવે સિંગતેલના ભાવમાં ફરી એક વખત ભડકો થયો છે. સીંગતેલના ભાવમાં ફરીથી વધારો થયો છે.બે દિવસમાં સીંગતેલના ડબ્બામા ૫૦ રુપિયાનો ભાવ વધારો થયો છે.

મધ્યમવર્ગના લોકોને અસર કરતા સમાચાર સામે આવ્યા છે. એક તરફ શાકભાજી અને કઠોળના ભાવમાં વધારો થઈ રહ્યો છે. ત્યાં હવે સિંગતેલના ભાવમાં ફરી એક વખત ભડકો થયો છે. સીંગતેલના ભાવમાં ફરીથી વધારો થયો છે. બે દિવસમાં સીંગતેલના ડબ્બામા ૫૦ રુપિયાનો ભાવ વધારો થયો છે. સીંગતેલના ડબ્બાના ભાવ હાલ રૂપિયા ૨૬૦૦ થયા છે.

સામાન્ય રીતે તહેવારોના દિવસોમાં આટલો વધારો જોવા મળતો હોય છે, પરંતુ વગર તહેવારે મસમોટા ભાવ વધારાના કારણે ગૃહિણીઓનું બજેટ ખોરવાયુ છે. સીંગતેલમાં સતત ભાવ વધારો થવાને કારણે હાલ સીઝનમાં લોકોને મોંઘા ભાવનું તેલ ખરીદવું પડી રહ્યું છે.મગફળીના ભાવમાં નજીવો વધારો થતાં સીંગતેલમાં ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. એવી શકયતા સેવવામાં આવી રહી છે કે સિંગતેલના ભાવ વધવાને પગલે ફરસાણના ભાવમાં પણ વધારો થઈ શકે છે. તેમજ ગૃહિણીઓને ઘરનું બજેટ સેટ કરવામાં પણ તકલીફ પડી શકે છે. સીંગતેલના ડબ્બાનો ભાવ હાલ રૂપિયા ૨૬૦૦ છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ધૃણાએ હૃદયનું પાગલપન છે.

- બાયરન

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.મેહેર-૧૩૯૩, મુ. શાબાન-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, મહા સુદ-૧૨ ભીષ્મ દ્વાદશી, પ્રદોષ તા.૨૧ ફેબ્રુઆરી ૨૦૨૪, બુધવાર, પારસી તા.૧૦, મુસ્લિમ તા.૧૦, પુનર્વસુ નક્ષત્ર, આયુષ્માન યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૭ઃ૨૨, સૂ.અ.૬ઃ૪૯

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ), સવારે ૭ઃ૪૬ ક. પછી જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષઃ લાભની તક સાંપડે. આર્થિક પ્રગતિજનક દિવસ વ્યતિત થાય.
વૃષભઃપ્રિયજનથી મિલન થાય. વ્યાપાર કાર્યમાં સફળતા મળે.
મિથુનઃકાર્યબોજ વિશેષ રહે. મનની મુરાદ બર ન આવે.
કર્કઃ ધીરજ રાખવી હિતાવહ છે. નાણાંકીય લાભ થાય.
સિંહઃ યાત્રા-પ્રવાસમાં વધારો થાય. મહેનતનું શુભ ફળ મેળવી શકશો.
કન્યાઃ મિલન-મુલાકાતમાં સફળતા મળે. લાભની તક સાંપડે.
તુલાઃ ધીરજના ફળ મીઠા મળે. પરેશાની-તકલીફમાં વધારો થાય.
વૃશ્ચિકઃઆરોગ્ય અંગે સાવચેતી રાખવી. મનમાં દુઃખ અનુભવાય.
ધનઃ શાંતિ અને ધીરજથી દિવસ પસાર કરવો. અપયશ બનવું પડે.
મકરઃ મનમાં અશાંતિ રહે. ગૃહજીવનમાં ચકમક ઝરે.
કુંભઃ મનની મનોકામના પૂર્ણ થાય. નવિન સમાચાર મળે.
મીનઃ વ્યર્થ ક્રોધથી દૂર રહેવું. જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે.

# ફ્રાન્સમાં ભારતીયોને ૪ વર્ષ સુધી કામ કરવાની તક

નવી દિલ્હી, તા.૨૧

યુરોપના આધુનિક અને શક્તિશાળી દેશ ફ્રાન્સમાં હાઈ સ્કીલ ધરાવતા લોકોની ખાસ જરૂરિયાત છે. ભારત સહિતના દેશના લોકો ફ્રાન્સ આવીને કામ કરી શકે તે માટે ફ્રાન્સ ટેલેન્ટ પાસપોર્ટ સ્કીમ શરૂ કરવામાં આવી છે. તેના દ્વારા વિદેશી સ્કીલ્ડ વર્કર્સ ચાર વર્ષ સુધી ફ્રાન્સમાં રહીને કામ કરી શકે છે. નોન-યુરોપિયન યુનિયન દેશોના લોકો ફ્રાન્સની ઈકોનોમીને આગળ વધારવા માટે યોગદાન આપી શકે તે માટે ફ્રાન્સે **Talent Passport** શરૂ કર્યો છે. તેમાં અત્યંત ઉચ્ચ ક્વોલિટી ધરાવતા રિસર્ચરો અને આર્ટિસ્ટ ઉપરાંત સાયન્સ, સાહિત્ય, આર્ટ, શિક્ષણ અને સ્પોર્ટ્‌સના ક્ષેત્રની અનુભવી વ્યક્તિને ચાર વર્ષ માટે ફ્રાન્સમાં કામ કરવાની તક મળશે. આ ઉપરાંત કોઈ પણ ઉદ્યોગસાહસિક ફ્રાન્સમાં ઓછામાં ઓછા ૩૦,૦૦૦ યુરો ઈન્વેસ્ટ કરવા તૈયાર હોય તો તેને પણ તક મળશે.

આ માટે પાંચ વર્ષનો પ્રોફેશનલ અનુભવ અને માસ્ટર્સ ડિગ્રી હોવી જરૂરી છે. આમ તો ફ્રાન્સે કેટલાક રેસિડન્સી કાર્ડ માટે ભાષાની આવડતના કડક નિયમો રાખ્યા છે, પરંતુ **Talent Passport** માટે તેમાં છુટછાટ અપાઈ છે. તાજેતરમાં અન્ય રેસિડન્સી કાર્ડ માટે લેંગ્વેજના કડક નિયમો લાગુ થયા છે. તેમાં કેટલાક માટે આ લેવલ છ૧થી વધારીને **A2** કરવામાં આવ્યું છે જ્યારે કેટલાક માટે છ૨થી વધારીને **B1** કરવામાં આવ્યું છે. જોકે, ટેલેન્ટ પાસપોર્ટ ધારકોને ભાષાના ચુસ્ત બંધનો નડશે નહીં. ફ્રાન્સના ટેલેન્ટ પાસપોર્ટનો એક ફાયદો એ છે કે તેમાં પરિવારજનોને પણ સામેલ કરવામાં આવે છે. તેથી પતિ-પત્ની અને બાળકો પણ પાસપોર્ટ હોલ્ડર સાથે જોડાઈ શકે છે.

આ લોકો પણ મલ્ટિ-યર રેસિડન્સ પરમિટ મળી શકે છે અને ૧૮ વર્ષથી વધુ વયના લોકો ફ્રાન્સમાં કામ કરી શકે છે. ફ્રાન્સ પહોંચ્યા પછી સ્થાનિક પોલીસ સ્ટેશનેથી આ પરમિટ મળી શકશે. આ પાસપોર્ટ માટે લાયક બનવું હોય તો ફ્રાન્સમાં રોકાણ અને એમ્પ્લોયમેન્ટ કોન્ટ્રાક્ટ ૩ મહિના કરતા વધારે સમયનો હોવો જોઈએ. હાઈ ક્વોલિફાઈડ લોકોએ ઓછામાં ઓછા એક વર્ષ માટે કોન્ટ્રાક્ટ કરવો પડશે. ફ્રાન્સ આવ્યા પછી બે મહિનામાં અરજકર્તાને મલ્ટિયર રેસિડન્સ પરમિટ મળી શકે છે જે વધુમાં વધુ ચાર વર્ષ માટે હશે અને દર ચાર વર્ષે તેને રિન્યુ કરી શકાશે. તેમાં કામનો પ્રકાર અને સેલેરી ફ્રાન્સે નક્કી કરેલા ધોરણો મુજબ હોય તે જરૂરી છે. ટેલેન્ટ પાસપોર્ટ કેટેગરીમાં સેલેરીના ધોરણ અલગ અલગ હોય છે. કર્મચારી કેવા પ્રોજેક્ટમાં કામ કરે છે તેના આધારે પગાર મિનિમમ વેતનથી લઈને ૧.૮ ગણો હોઈ શકે છે. હાઈલી ક્વોલિફાઈડ કર્મચારીએ ફ્રાન્સમાં ૧.૫ ગણો સેલેરી મેળવવો જરૂરી છે. જ્યારે કોર્પોરેટ એપોઈન્ટમેન્ટથી કામ કરનારનો પગાર લઘુતમ વેતન કરતા ઓછામાં ઓછો ત્રણ ગણો હોવો જોઈએ.

# ગુજરાતનાં વાતાવરણમાં પલટો, ધુમ્મસથી વિઝિબિલીટી ઘટી

અમદાવાદ, તા.૨૧

અમદાવાદ સહિત રાજ્યભરમાં રાત્રે ઠંડી અને દિવસેગરમીથી હાલ તો મિશ્ર ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. અમદાવાદ સહિત કેટલાક શહેરોમાં મહત્તમ તાપમાનનો પારો ઉંચકાતા દિવસે ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. ભાવનગર શહેરમાં મહત્તમ તાપમાનનો પારો સૌથી વધુ ૩૬.૯ ડિગ્રી સુધી પહોંચ્યો છે. તો બીજી તરફ કચ્છ અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં ધુમ્મસભર્યુ વાતાવરણ પણ છવાયું છે. પશ્ચિમ અને પૂર્વ કચ્છમાં ધુમ્મસની ચાદર છવાઈ છે. તો રાજકોટ જિલ્લાના જેતપુર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ધુમ્મસભર્યુ વાતાવરણ છવાયું છે. ધુમ્મસભર્યા વાતાવરણથી વિઝિબિલિટી ઘટતાવાહન ચાલકોને હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો છે. તો બીજી તરફ ઘઉં, ધાણા, જીરૂના પાકને પણ અસર થવાની ખેડૂતોને ભીતી સતાવી રહી છે.

### રાજયમાં ખનિજ ચોરી કરનારા માફિયાઓ બેફામ-બેખૌફ !

# ગેરકાયદે ખનિજ ચોરી માટે અધિકારીઓનું જ લોકેશન ટ્રેસ કરી આપ-લે કરતા હોવાનો પર્દાફાશ

## "ગુમનામ" નામે વોટ્સએપ ગ્રુપ પર શેર કરાતી માહિતી : SDM દ્વારા કડક કાર્યવાહીની સૂચના

અમદાવાદ, તા.૨૧

રાજયમાં ખનિજ ચોરી કરનારા બેફામ બન્યા છે કાનૂનનો કોઈ ડર ન હોય તેમ બિન્દાસ્ત રીતે પોતાનું નેટવર્ક ચલાવી રહ્યા છે. તેમ હવે આ લોકો અધિકારીઓની પણ વોચ રાખી તેઓના લોકેશન ટ્રેસ કરતા હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. પંચમહાલ જિલ્લામાં ખનિજ માફિયા અને જંગલમાંથી લાકડા ચોરો અધિકારીઓની જાસૂસી કરતા બાતમીદારો ફરીથી સક્રિય થયા છે. જેમાં જાસૂસી માટે ગ્રૂપ બનાવી તેની વાતચીતના ઓડિયો વાયરલ થયા છે. જેમાં જિલ્લાના ખનિજ માફિયાઓ તેમજ જંગલના લાકડા ચોરો અધિકારીનું લોકેશન વ્હોટ્સએપ ગ્રૂપ બનાવી આપલે કરી રહ્યા છે. અધિકારીઓની ગાડીઓ જ્યાંથી નીકળે ત્યાંથી લઈ જ્યાં તપાસ કરતા હોય અથવા તો કોઈ કાર્યક્રમમાં ગયા હોય તેની પળે પળની માહિતી ઓડિયો દ્વારા શેર કરવામાં આવે છે. થોડા સમય પહેલા પંચમહાલ જિલ્લામાં સરકારી અધિકારીઓ અને તેમનાં સરકારી વાહનોનું લોકેશનની શેર કરી થતી જાસૂસીનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. જેમાં અધિકારીઓની તેમજ સરકારી વાહનોના લોકેશનની માહિતી આપલે કરવામાં આવી હતી. વ્હોટ્સએપનાં કેટલાંક ગ્રૂપમાં રહેલા ઈસમો સામે પોલીસે કાર્યવાહી કરવા છતાં પણ માફિયાઓના બાતમીદારો કોઈના ડર વગર ફરી સક્રિય બન્યા છે. ગોધરા એસડીએમ દ્વારા આવા બાતમીદારે સામે કાયદેસરની કાર્યવાહી કરવા ખાણ ખનિજ વિભાગને સૂચનાઓ આપવામાં આવી છે. ગત ૧૪/૨/૨૦૨૪ના રોજ કાલોલ તાલુકાના ખંડેવાવ ગામે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને રાત્રિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. માહિતી મળી હતી કે, એક 'ગુમનામ' નામના વ્હોટ્સએપ ગ્રૂપની અંદર અધિકારીઓનું લોકેશન શેર કરાતું હોવાનું જાણવા મળેલ છે. જેમાં ગુમનામ ગ્રૂપના સભ્યો વોઈસ ચેટિંગથી સરકારી અધિકારીઓનું લોકેશન ગેરકાયદેસર રીતે અન્ય વ્યક્તિઓને શેર કરી રહ્યાં છે. ખનિજ ખનનની ગેરકાયદેસર પ્રવૃત્તિ થતી હોવાનું પ્રાથમિક દષ્ટિએ મળેલા રિપોર્ટમાં આધારે જણાય આવે છે. જેથી ગુમનામ ગ્રૂપના એડમીન ફુરકાન, હારૂન.કે બિલાલ પટેલ સાજીદ સામે નિયમો અનુસાર કાર્યવાહી કરવામાં આવે તે માટે ખાણ ખનિજ વિભાગને સૂચનાઓ આપવામાં આવી હતી. ગોધરાના પ્રાંત અધિકારી પ્રવીણ સિંહ જેતાવતે જણાવ્યું હતું કે, ગત.૧૪/૨/૨૪ના રોજ કાલોલ તાલુકાના ખંડેવાવ ગામે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને રાત્રિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માહિતી મળી હતી કે, જેટલા અધિકારીઓ છે તેમના લોકેશન આપવા માટે એક ગ્રૂપની અંદર વાતો થાય છે તેના ઓડિયો મળ્યા છે. જેથી ગોધરા ખાણ ખનીજ વિભાગના ભૂસ્તરશાસ્ત્રીને આ તમામ માહિતી મોકલવામાં આવી હતી. નિયમો મુજબ કાર્યવાહી થાય અને આ જેટલા પણ વ્યક્તિઓ ગુમનામ ગ્રૂપ ચલાવે છે તેના પણ ઉલ્લેખ કરવામાં આવેલા છે. જેના ઉપર ફોજદારી કડક કાર્યવાહી કરવામાં આવશે. તેમ તેમણે જણાવ્યું હતું.

### કેન્દ્ર સરકારનો નિકાસ અંગેનો નિર્ણય માત્ર ચૂંટણીલક્ષી !

# રાજ્યના ખેડૂતોના ખેતર કે ઘરોમાં ડુંગળી જ બચી નથી તો હવે શું ફાયદો ?

## ખેડૂતોએ પાણીના ભાવે ડુંગળી વેચી નાખી, હવે તેઓને કોઈ લાભ થવાનો નથી



અમદાવાદ, તા.૨૧

ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતાવાળી કમિટી ઓફ મિનિસ્ટર દ્વારા ડુંગળીઓની નિકાસ ઉપરનો પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો છે. તેમજ ડુંગળીની નિકાસને મંજૂરી આપવાનું જાહેર કરવામાં આવ્યું છે. જોકે લાંબા સમયથી આ નિર્ણયની માગ કરતા ખેડૂતો સરકારનાં આ નિર્ણયથી પણ ખુશ નથી અને નિર્ણયને ચૂંટણીલક્ષી ગણાવી રહ્યા છે. ખેડૂતોનું માનવું છે કે, હવે ખેડૂતો તેમની ડુંગળી પાણીના ભાવે વેચી ચુક્યા હોવાથી આ નિર્ણયનો કોઈ લાભ કિસાનોને મળવાનો નથી. ખેડૂતોના ઘરો-ગોડાઉન કે ખેતરોમાં ડુંગળી જ બચી નથી તો પછી હવે આ નિર્ણયનો શો ફાયદો તેવા પ્રશ્ન ખેડૂતો કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત રાજ્ય કેન્દ્રીય મંત્રીએ ડુંગળીના ઉત્પાદન અને કોસ્ટ તેમજ ડુંગળીની ઉપલબ્ધતા સહિત વિગતો અને ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે તે માટે અંગે અમીત શાહ સાથે મિટીંગ યોજી હતી. જેમાં અમિત શાહે કમિટી ઓફ મિનિસ્ટ્રી બોલાવી ૩ લાખ ટન મેટ્રિક ટન ડુંગળીની નિકાસને મંજૂરી આપી છે. કેન્દ્ર સરકારના આ નિર્ણયને લઈને વિવિધ ખેડૂતો પોતાની પ્રતિક્રિયા આપી રહ્યા છે. સૌરાષ્ટ્રના ધોરાજી સહિત ડુંગળી પકાવતા ખેડૂતોએ કેન્દ્ર સરકારના આ નિર્ણયને સંપૂર્ણપણે ચૂંટણીલક્ષી ગણાવ્યો હતો ખેડૂતોએ જણાવ્યું હતું કે, સરકારનો આ નિર્ણય સાવ ખોટો છે. હાલ એક પણ ખેડૂતના ઘરમાં કે ખેતરમાં ડુંગળી બચી જ નથી. ખેડૂતોએ પોતાની મહામહેનતે પકાવેલી ડુંગળી પાણીના ભાવે વેચી નાખ્યા બાદ લેવાયેલા આ નિર્ણયથી કોઈ ખેડૂતને લાભ થવાનો નથી. આ નિર્ણયથી વેપારીની સાથે વચેટીયાઓને લાભ મળશે અને લોકોને ડુંગળીનાં ઉંચા ભાવ ચૂકવવા પડશે. આ નિર્ણય બે મહિના અગાઉ લેવામાં આવ્યો હોત તો ચોક્કસ ખેડૂતોને તેનો લાભ મળે તેમ હતો. પરંતુ હવે આ નિર્ણયથી ખેડૂતોને કોઈ ફાયદો થવાનો નથી. પારસ ખેડૂતોના જણાવ્યા અનુસાર સરકાર દ્વારા ડુંગળીની નિકાસબંધી હટાવવાનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો છે. પરંતુ હાલમાં કોઈ ખેડૂત પાસે ડુંગળી જ રહી નથી. ખેતરમાં ડુંગળીનું વાવેતર પણ નહીં હોવાથી ખેડૂતોને કોઈ લાભ મળવાનો નથી. સરકારે કરેલી નિકાસબંધીનાં કારણે ખેડૂતોને નુકસાન સહન કરવાનો વારો આવ્યો હતો. હકીકતમાં ત્યારે નિકાસબંધી કરવાની કોઈ જરૂર નહોતી. અત્યારે નિકાસ શરૂ કરવાનો કોઈ ફાયદો ખેડૂતોને મળવાનો નથી. આ નિર્ણય માત્ર ચૂંટણીલક્ષી હોવાનો આરોપ પણ ખેડુતોએ લગાવ્યો હતો.

# નેતાન્યાહુએ પેલેસ્ટીનીઓ સાથે કાયમી સમાધાનની વિશ્વની માંગને નકારી કાઢી



(એજન્સી) તા.૨૧

ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ તાજેતરમાં પેલેસ્ટીની રાજ્યની એક પક્ષીય માન્યતાનો વિરોધ કરીને પેલેસ્ટીનીઓ સાથે કાયમી સમાધાન માટેની આંતરરાષ્ટ્રીય માંગને નકારી કાઢી છે. નેતાન્યાહુએ ટ્વિટર ઉપર લખ્યું "ઈઝરાયેલ પેલેસ્ટીનીઓ સાથે કાયમી સમાધાન અંગેના આંતરરાષ્ટ્રીય આદેશને સ્પષ્ટપણે નકારી કાઢે છે." તેમણે જણાવ્યું કે "આ પ્રકારની વ્યવસ્થા કોઈ પણ પૂર્વ શરતો વિના પક્ષકારો વચ્ચે સીધી મંત્રણા દ્વારા જ શક્ય બનશે. ઈઝરાયેલ પેલેસ્ટીની રાજ્યની એક પક્ષીય માન્યતાનો વિરોધ કરવાનું ચાલુ રાખશે." ઈઝરાયેલના વડાપ્રધાને એમ પણ જણાવ્યું કે "આ પ્રકારની માન્યતા ૭ ઓક્ટોબરના હત્યાકાંડના પગલે અભૂતપૂર્વ આતંકવાદને મોટો પુરસ્કાર આપશે અને કોઈ પણ ભાવિ શાંતિ કરારને અવરોધિત કરશે." વોશિંગ્ટન પોસ્ટના અહેવાલ મુજબ અમેરિકા અને કેટલાય અરબ દેશો ઈઝરાયેલ અને પેલેસ્ટીન વચ્ચે લાંબા ગાળાની શાંતિ યોજનાને અંતિમ સ્વરૂપ આપી રહ્યા છે. તેમાં ઉમેર્યું કે આ યોજનામાં "પેલેસ્ટીની રાજ્યની સ્થાપના માટે ચોક્કસ સમય રેખાનો સમાવેશ થાય છે જેની જાહેરાત આગામી કેટલાક અઠવાડિયામાં થવાની અપેક્ષા છે." ઈઝરાયેલે ૧૯૬૭ના અરબ-ઈઝરાયેલ યુધ્ધ દરમ્યાન પૂર્વ જેરૂસલેમ ઉપર કબજો કર્યો હતો. તેણે ૧૯૮૦માં આખા શહેરને કબજે કર્યું અને આખા જેરૂસલેમને તેની "શાશ્વત અને અવિભાજ્ય" રાજધાની તરીકે દાવો કરે છે જેને આંતરરાષ્ટ્રીય સમુદાય દ્વારા ક્યારેય માન્યતા આપવામાં આવી નથી. પેલેસ્ટીનીઓ તેમના ભાગ માટે ગાઝા પટ્ટી અને વેસ્ટ બેંક, પૂર્વ જેરૂસલેમ તેની રાજધાની સાથે તેમનું પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપિત કરવાની આશા રાખે છે. ૭ ઓક્ટોબરે હમાસના હુમલા બાદ ઈઝરાયેલે ગાઝા પટ્ટી ઉપર હુમલો કર્યો છે. આગામી ઈઝરાયેલ હુમલામાં ૨૮,૬૦૦થી વધુ પેલેસ્ટીનીઓ મૃત્યુ પામ્યા અને વ્યાપક વિનાશ અને જરૂરિયાતોની અછત સર્જાઈ.

# જૂની પેન્શન યોજના મુદ્દે તા.૨૩મીએ ગાંધીનગરમાં ધરણાનું આયોજન

અમદાવાદ,તા.૨૧

રાજયના કર્મચારીઓ છેલ્લા ઘણા સમયથી જૂની પેન્શન યોજના લાગુ કરવા બાબતે લડત આપી રહ્યા છે જેમાં એક વર્ષ અગાઉ પણ કર્મચારીઓ સાથે સરકારે બેઠક કર્યા બાદ હજુ કોઈ નિર્ણય ઉપર સરકાર નથી આવી ત્યારે થોડા દિવસ અગાઉ કર્મચારીઓએ કાળીપટ્ટી ધારણ કરી વિરોધ દર્શાવ્યો હતો અને ત્યાર બાદ ૧૬ તારીખે કાળા કપડા પહેરી સરકાર સુધી પોતાની વાત રજૂ કરવાનો પ્રયત્ન કર્યો હતો. તેમ છતાં પણ હવે જો સરકાર દ્વારા આ અંગે કોઈ નિરાકરણ નહી આવે તો આગામી તા.૨૩ ફેબ્રુઆરીએ ગાંધીનગર ખાતે ધરણા યોજવાનું કર્મચારી સંગઠનોએ આયોજન કર્યું છે. આ સાથે આપના નેતા પ્રવિણરામે પણ કર્મચારીઓની લડતને સમર્થન આપવાની જાહેરાત કરી છે. આ ધરણામાં ગુજરાતમાંથી તમામ કર્મચારીઓને ઉમટી પડવા આહવાન આપવામાં આવ્યું છે. આહવાનની સાથે જ કર્મચારી અને સંગઠનોની આ લડતને આપ નેતા પ્રવિણરામે ખુલ્લુ સમર્થન આપ્યું છે. કર્મચારીઓ માટે અનેક લડતો ભૂતકાળમાં લડી ચૂકયા છે અને સફળતા પણ અપાવી ચૂકયા છે. ફિકસ પગારના કર્મચારીઓના પગાર બાદ વધારાની લડત જૂની પેન્શન યોજના બાબતની લડતમાં પ્રવિણરામે સમર્થન આપતા જણાવ્યું હતું કે અનેક આંદોલનો કર્મચારી માટે કર્યા છે અને આ જૂની પેન્શન યોજના લાગુ કરવામાં સરકાર તાત્કાલિક ધોરણે નિર્ણય નહી લે તો આ બાબતે પણ જો પહેલાની જેમ મેદાનમાં ઉતરવું પડશે તો તે માટે પણ મારી સંપૂર્ણ તૈયારી છે.

### ભારતમાં મેરેજ રજિસ્ટ્રેશન ફરજિયાત થશે

# NRI સાથેના મેરેજ અંગે કાયદાને કડક બનાવવામાં આવી શકે છે

નવી દિલ્હી, તા.૨૧

ભારતમાં NRI યુવક અથવા યુવતી સાથે પરણવાનો એક ક્રેઝ જોવા મળે છે જેમાં ઘણી વખત લોકો છેતરાઈ જતા હોય છે. આવી સ્થિતિમાં ભારતીય નાગરિકોને મદદ કરવા માટે કાયદા પંચે કડક નિયમો ઘડવાની ભલામણ કરી છે. તેના કારણે કોઈ પણ NRI જ્યારે કોઈ ભારતીય યુવતી અથવા યુવક સાથે લગ્ન કરશે ત્યારે તેનું ભારતમાં ફરજિયાત રજિસ્ટ્રેશન કરવામાં આવશે. કાયદા પંચે જણાવ્યા પ્રમાણે ભારતીય નાગરિકો સાથે લગ્ન કરતા NRI માટે કડક નિયમો હોવા જોઈએ. તે પ્રમાણે ભારતીય નાગરિક અને NRI અથવા OCI વચ્ચેના તમામ લગ્નનું ભારતમાં રજિસ્ટ્રેશન થવું જોઈએ. ઘણી વખત વિદેશમાં પોતાના જીવન અને સ્ટેટસ વિશે બહુ મોટા દાવા કરીને ભારતીય યુવતીઓને ફસાવવામાં આવતી હોય છે અને પછી વિદેશ જતા જ વાસ્તવિકતા કંઈક અલગ હોય છે. આ ઉપરાંત NRI પતિ દ્વારા ભારતીય યુવતીઓને તરછોડી દેવામાં આવતી હોય તેવા કિસ્સા પણ ઘણા નોંધાય છે. આવી સ્થિતિમાં ભારતીય નાગરિકને તેના અધિકાર મળી શકે તે માટે લગ્નનું રજિસ્ટ્રેશન ફરજિયાત કરવામાં આવશે. જસ્ટિસ રિતુ રાજ અવસ્થીની આગેવાનીમાં તૈયાર કરાયેલા રિપોર્ટમાં જણાવાયું છે કે એનઆરઆઈ અને ભારતીય યુવક કે યુવતી વચ્ચેના લગ્નમાં ઘણી વખત છેતરપિંડી થાય છે. કેટલાક લગ્નો બનાવટ જેવા હોય છે જેમાં ખાસ કરીને મહિલાઓની સ્થિતિ કફોડી થઈ જાય છે. નવા કાયદામાં એનઆરઆઈ અને ભારતીય નાગરિક વચ્ચેના લગ્નમાં



છૂટાછેડા, જીવનસાથીનું ભરણપોષણ, બાળકોની કસ્ટડી અને તેનું ભરણપોષણ તથા સમન્સ કે વોરંટની બજવણી સહિતના મુદ્દા આવરી લેવાયા છે. કાયદા પંચની પેનલે પાસપોર્ટ એક્ટ ૧૯૬૭માં પણ સુધારા કરવાની ભલામણ કરી છે. તે મુજબ વૈવાહિક સ્થિતિ જાહેર કરવી પડશે, જીવનસાથીના પાસપોર્ટને એકબીજા સાથે લિંક કરવા પડશે અને બંને જીવનસાથીના પાસપોર્ટ ઉપર લગ્ન રજિસ્ટ્રેશન નંબર લખવો પડશે. આ ઉપરાંત આ પ્રકારના તમામ લગ્નના વિવાદમાં સ્થાનિક અદાલતો પણ ચુકાદો આપી શકશે. ભારતીય નાગરિકના અધિકારના રક્ષણ માટે તથા સંબંધિત પાર્ટીઓના હિતો જાળવવા માટે આ કાયદા બનાવવા જરૂરી છે. આ ઉપરાંત વિદેશમાં વસતા ભારતીય સમુદાય સાથે વાતચીત કરીને તેમનામાં પણ આ વિશે જાગૃતિ લાવવામાં આવશે. વિદેશમાં ભારતીય સંગઠનો સાથે પણ આ વિશે ચર્ચા કરવામાં આવશે.

# પ્રિ-સ્કૂલ માટે રજિસ્ટ્રેશનની કાર્યવાહી શરૂ, અરજીના આધારે જ મંજૂરી અપાશે

## અરજી મળ્યા બાદ પ્રિ-સ્કૂલના રજિસ્ટ્રેશન અંગે ૧૫ દિવસમાં નિર્ણય લેવાનો રહેશે

અમદાવાદ, તા.૨૧

રાજયમાં આવેલી પ્રિ-સ્કૂલ તથા નવી શરૂ કરવા માંગતી પ્રિ-સ્કૂલ માટે સોમવારથી રજિસ્ટ્રેશનની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. પ્રિ-સ્કૂલના રજિસ્ટ્રેશનને લઈને માર્ગદર્શિકા જાહેર કરાઈ છે. જે અનુસાર, પ્રિ-સ્કૂલ માટે આવેલી ઓનલાઈન અરજીના આધારે જ પ્રમાણપત્ર ઈશ્યુ કરી દેવાનું રહેશે. પ્રિ-સ્કૂલના રજિસ્ટ્રેશન માટે અરજી મળ્યાના ૧૫ દિવસમાં જ જિલ્લા કક્ષાએ નિર્ણય લેવાનો રહેશે. નિયમોનું પાલન થતું ન હોય તેવી કોઈ પણ પ્રિ-સ્કૂલને પ્રમાણપત્ર ઈશ્યુ કરવામાં આવશે તો સંબંધિત અધિકારી સામે કાર્યવાહી કરાશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યમાં નવી તથા હયાત પ્રિ-પ્રાયમરી સ્કૂલોના નિયમન માટે ઠરાવ બહાર પાડવામાં આવ્યા બાદ હવે રજિસ્ટ્રેશનની કાર્યવાહી શરૂ થઈ છે. જેમાં હયાત પ્રિ-સ્કૂલોએ એક વર્ષની મર્યાદામાં તથા નવી પ્રિ-પ્રાયમરી સ્કૂલોએ સંસ્થા શરૂ કરતા પહેલાં રજિસ્ટ્રેશનની કાર્યવાહી કરવાની રહેશે. જિલ્લા કક્ષાએ ઓનલાઈન અરજી મળે ત્યાર બાદ ઓનલાઈન અપલોડ કરવામાં આવેલા આધારો અને વિગતોની ચકાસણી કરી રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર ઈશ્યુ કરવાની કાર્યવાહી કરાશે. સંસ્થા પાસેથી ઓનલાઈન કરેલી અરજી સંદર્ભે ફિઝીકલ ફાઈલ મેળવવાની રહેશે નહીં. ઉપરાંત સંસ્થાની ઓનલાઈન અરજી અન્વયે કોઈ રૂબરૂ સ્થળ તપાસ પણ કરવાની રહેશે નહીં. ઓનલાઈન અરજી વખતે ક્વેરી હોય તો જિલ્લા કક્ષાએ સ્પષ્ટ કારણો તથા વિગતો દર્શાવી અરજી સંસ્થાને પરત મોકલવાની રહેશે. સંસ્થા દ્વારા ક્વેરીની પુર્તતા કરી પુર્નઃ અરજી સબમિટ કરવાની રહેશે અને ત્યારબાદ તેના આધારે કાર્યવાહી કરવામાં આવશે. જિલ્લા કક્ષાએ આવેલી ઓનલાઈન અરજીઓની ચકાસણી કરવા માટે ૧૫ દિવસની સમયમર્યાદા નક્કી કરાઈ છે. જિલ્લા કક્ષાએ અરજીની ચકાસણી વખતે મંડળ નોંધણીનો દાખલો, સંસ્થાનું મકાન ૧૫ વર્ષના રજિસ્ટર્ડ લીઝ ઉપર હોવાના કિસ્સામાં સબ રજિસ્ટાર કચેરીમાં કરાવેલા રજિસ્ટર્ડ લીઝ, સંસ્થાનું મકાન વપરાશ યોગ્ય છે તે મતબલનું સક્ષમ અધિકારી દ્વારા અપાયેલી બિલ્ડિંગ યુઝ પરમિશન અને સક્ષમ અધિકારી દ્વારા ઈશ્યુ કરવામાં આવેલું ફાયર એનઓસી, સંસાથાના કલર ફોટોગ્રાફ, સંસ્થા દ્વારા અપલોડ કરવામાં આવેલા એનેક્ષર-૧ અને એનેક્ષર-૨ તથા સંસ્થાએ માંગણી કરેલા ડિવિઝન દીઠ રૂા.પાંચ હજાર લેખે ઓનલાઈન ભરેલી ફીની રિસીપ્ટની ચકાસણી કર્યા બાદ પ્રમાણપત્ર ઈશ્યુ કરાશે. જિલ્લા કક્ષાએથી પ્રિ-સ્કૂલને ઈશ્યુ કરવામાં આવતી નોંધણી પ્રમાણપત્રની વિગતો અન્વયે જિલ્લા કક્ષાએ રેકર્ડ નિભાવવાનું રહેશે. શિક્ષણ વિભાગ દ્વારા ઠરાવમાં જણાવેલી સૂચના અને પ્રવર્તમાન નોર્મ્સનું પાલન થતું ન હોય તેવી કોઈ પણ હયાત કે નવી પ્રિ-સ્કૂલને નોંધણી પ્રમાણપત્ર ઈશ્યુ કરી શકાશે નહીં. તેમ છતાં જો નોંધણી પ્રમાણપત્ર ઈશ્યુ કરવામાં આવશે તો સંબંધિત અધિકારી સામે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરાશે.

### છેલ્લા કેટલાક સમયથી અનાજ બારોબાર સગેવગે થવાની ફરિયાદો

# રાજ્યના પુરવઠા નિગમના તમામ ગોડાઉનોમાં 5000 CCTV ગોઠવાશે



ગાંધીનગર, તા.૨૧

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ પોતાના તમામ ગોડાઉનો ખાતે ગેરરીતિ રોકવા માટે સીસીટીવીનો કડક જાપ્તો ગોઠવશે. નિગમ દ્વારા હાથ ધરાયેલ સીસીટીવી પ્રોજેક્ટ હેઠળ ગોડાઉનોમાં ૫૯૫૩ જેટલા ઉચ્ચ કક્ષાના સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે. પ્રોજેક્ટ હાઈ ક્વોલિટીના કેમેરા ગોડાઉનોમાં લગાવાશે જેના વડે ગોડાઉનોની અંદર અને બહારની ગતિવિધિઓ ઉપર નજર રાખી શકાશે. આ વ્યવસ્થા એટલી કડક હશે કે જિલ્લા કક્ષાના અધિકારીઓ ગોડાઉનોમાં થઈ રહેલી દરેક કામગીરીને પોતાની કચેરીએ બેસી લાઈવ જોઈ શકશે. આ ઉપરાંત નિગમના વડામથક ખાતે એક કમાન્ડ એન્ડ કંટ્રોલ પણ સ્થાપવામાં આવશે. સઘન મોનિટરિંગ, જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત અનાજના વિતરણમાં પારદર્શકતા લાવવા અને સમય મર્યાદામાં નિવારાત્મક તકેદારીના પગલાઓ લેવા માટે નિગમના તમામ ગોડાઉન કેન્દ્રો ખાતે સીસીટીવી કેમેરા તેમજ જિલ્લા કચેરી અને વડી કચેરી ખાતે કમાન્ડ કંટ્રોલ સેન્ટર સ્થાપવામાં આવશે. તેની મદદથી ગુજરાતના તમામ ગોડાઉનો ખાતેથી વિતારણ થઈ રહેલા અનાજનું લાઈવ મોનિટરીંગ કરી શકાશે. આ સીસીટીવી પ્રોજેક્ટના અમલીકરણ હેતુસર સરકારના પ્રવર્તમાન નિયમો મુજબ કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે. સીસીટીવી પ્રોજેક્ટ અંતર્ગત નિગમના તમામ ગોડાઉનોમાં બુલેટ, ડોમ, પીટીઝેડ અને એએનપીઆર જેવા હાઈ ક્વોલિટીના કેમેરાઓ ગોઠવવામાં આવશે. તેમાં બુલેટ કેમેરા ગોડાઉનના બહારના કેમ્પસમાં લગાવવામાં આવશે. જેથી ગોડાઉનની બહારની ગતિવિધિઓ ઉપર નજર રાખી શકાય. આ સાથે જ ડોમ કેમેરા, ગોડાઉનની અંદર લગાવવામાં આવશે જેથી ગોડાઉનના અંદરની ગતિવિધિઓ ઉપર નજર રાખી શકાય. જ્યારે પીટીઝેડ કેમેરાની મદદથી રાત્રિના સમયમાં પણ ગોડાઉનનું મોનિટરિંગ કરી શકાશે. તેવી જ રીતે એએનપીઆર કેમેરા ખાસ કરીને વાહનોની નંબર પ્લેટની ઓળખ માટે ઉપયોગમાં લેવામાં આવશે. ગોડાઉન ખાતે લગાવવામાં આવનાર કેમેરાનુ મોનિટરિંગ કરવા નાયબ જિલ્લા મેનેજરની કચેરી, તેમજ જિલ્લા મેનેજરની કચેરી ખાતે વીડિયો વોલનું સેટઅપ પણ કરવામાં આવશે. આ સેટઅપ થકી તમામ ગોડાઉનમાં થઈ રહેલ કામગીરીનું એક સ્થાને રહી લાઈવ મોનિટરિંગ કરી શકાશે. આ સાથે જ વીડિયો વોલના મોનિટરિંગ માટે માનવબળ પણ પુરૂ પાડવામાં આવશે. જેની મદદથી મોનિટરિંગ સમયે કોઈ શંકાસ્પદ પ્રવૃતિ ધ્યાને આવતા તેના ઉપર સક્રિયતાથી સમયસર કાર્યવાહી હાથ ધરી શકાશે. આ તમામ ઉપર નજર રાખવા કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર પણ બનાવાશે.


**ફલેટ વેચવાનો છે**

જૂનાગઢનાં જગમાલ ચોક નજીક કાજીવાડા વિસ્તારમાં ફર્નિચર સાથે 2 BHK ફલેટ વેંચવાનો છે. લીફટની સુવિધા સાથે મો.૯૮૨૪૫૯૨૫૫૯

# માંગરોળ ખાતે મદ્રેસા દારૂલ ઉલુમ હસનિયાહનો ૫૫મો વાર્ષિક ઉત્સવ ઉજવાયો

## ૨૫ વિદ્યાર્થીઓએ આલીમ અને ૪૪ વિદ્યાર્થીઓએ હાફીઝ તેમજ ૯ કારીની સનદો આપી સન્માનિત કરવામાં આવ્યા




(પ્રતિનિધી દ્વારા)

માંગરોળ તા. ૨૧

માંગરોળ દારૂલ ઉલુમ હસનિયાહનો ૫૫મો વાર્ષિક ઉત્સવ સોમવારે ઉજવાયો હતો. જેમાં ૨૫ વિદ્યાર્થીઓએ આલીમ અને ૪૪ વિદ્યાર્થીઓએ હાફીઝ તેમજ ૯ કારીની સનદો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. પ્રોગ્રામમાં મદ્રેસાના તલબાઓએ નાત, નઝમ તકરીરો રજુ કરી હતી. ફારીગ થનારા તમામ તલબાઓને સનદો, ઈનામો અને રોકડ પુરસ્કારો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ તકે અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત મૌલાના મુહમ્મદ દાવડાએ પ્રાસંગિક પ્રવચન આપી ફારીગ થનાર તલબાઓને સંબોધતા જણાવ્યું હતું કે અકાબીરોના માર્ગદર્શન હેઠળ તમારે આગામી જીવનમાં ખરા ઉતારવાનું છે. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે બેંગ્લોરથી પધારેલ મુફતી શુએબુલ્લાખાં મિફતાહીએ પોતાના ઉદ્‌બોધનમાં સ્થાનિક ઉલ્માઓની કદર કરવા અને સ્થાનિક ઉલ્માઓથી બૈત કરવા ઉદાહરણો સાથે સલાહ આપી હતી. તેમજ વર્તમાન પરિસ્થિતિમાં મુસલમાનો ઈસ્લામે શિખાવેલ તાલીમ મુજબ પોતાનું વર્તન સુધારે તો પરિસ્થિતિ આપોઆપ અનુકૂળ બનશે તેમ જણાવ્યુ હતું. ઉપસ્થિત લોકો અને સખી દાતાઓનું આભાર મદ્રેસાના સંચાલક મૌલાના ઈકબાલ બેરાએ કર્યો હતો.

આ પ્રસંગે શહેર ખતિબ મુફતી અબ્દુલ્લાહ પટણી, મુફતી હુસેન પારેખ સહીત મદ્રેસાના ઉસ્તાદો, ઉલ્માઓ તેમજ જીલ્લાભરના સખી દાતાઓ, આગેવાનો અને લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મૌલાના ઈબ્રાહિમ ઉદીયા અને મદ્રેસાના સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ખેલ મહાકુંભ અંતર્ગત જીલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવ્યું



જૂનાગઢ, તા.૨૧

રાજયસરકાર દ્વારા આયોજીત ખેલમહાકુંભની વિવિધ સ્પર્ધાઓમાં અમારી શાળા સરદાર પટેલ માધ્ય. અને ઉ. માધ્ય. શાળાની વિદ્યાર્થીની વકેરીયા દર્શી ચંદ્રશભાઈએ કારાટે વિભાગમાં જીલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે. આ સિદ્ધી પ્રાપ્ત કરવા બદલે તેમને શાળાના ચેરમેન મેનેજીંગ ટ્રસ્ટી જે.કે. ઠેસીયાસર ટ્રસ્ટી ગણ તથા શાળાના એચ.ઓ.ડી. ઉમેશભાઈ હિરપરા, આચાર્ય ભટ્ટસર તથા તમામ સ્ટાફગણે અભિનંદન પાઠવેલ છે.

# બ્રિટનની સ્કૂલોમાં મોબાઈલ ફોન પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો

લંડન, તા.૨૧ : મોબાઈલ આજના સમયમાં જીવનનો એક અભિન્ન અંગ બની ગયો છે. નાના બાળકોથી લઈને મોટા વ્યક્તિઓ દિવસનો મોટાભાગનો સમય મોબાઈલ પાછળ વિતાવે છે. જો કે વધારે પડતો મોબાઈલ જોવાની લત એક ગંભીર સમસ્યા બની ગઈ છે. મહત્વની વાત એ છે કે, વધારે પડતા મોબાઈલના ઉપયોગથી બાળકોની માનસિકતા પર પણ ગંભીર અસરો જોવા મળી રહી છે. ત્યારે હવે મોબાઈલ ફોનની લત અને તેનાથી થતી પરેશાનીઓથી તંગ આવીને બ્રિટનની સ્કૂલોમાં મોબાઈલ ફોન પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. બ્રિટનના વડા પ્રધાન ઋષિ સુનકે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક વીડિયો શેર કરીને આ પ્રતિબંધની જાહેરાત કરી છે.

### અંતરિક્ષનાં રહસ્યોનો એક પછી એક તાગ મળી રહ્યો છે

# નાસાએ નવા જન્મતા તારાની રંગીન ઈમેજ લીધી

## હબલ સ્પેસ ટેલિસ્કોપ ૧૯૯૦ની ૨૪, એપ્રિલે સ્પેસ શટલ ડિસ્કવરી દ્વારા કેનેડી સ્પેસ સ્ટેશન ઉપરથી તરતું મુકાયું હતું

નવી દિલ્હી તા.૨૧

અનંત, અફાટ, અગોચર અંતરિક્ષનાંઆશ્ચર્યોનો અને રહસ્યોનો એક પછી એક તાગ મળી રહ્યો છે. અમેરિકાની અંતરિક્ષ સંશોધન સંસ્થા નેશનલ એરોનોટિકસ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન(નાસા) અને યુરોપિયન સ્પેસ એજન્સી (ઇ.એસ.એ.)ના સહિયારા હબલ સ્પેસ ટેલિસ્કોપે અજીબોગરીબ બ્રહ્માંડ ૧૩.૮ અબજ વર્ષ બાદ પણ હજી સતત વિસ્તરી રહ્યું છે અને તેમાં નવા, વિરાટ,ઝળહળતા તારાનો જન્મ થઇ રહ્યો છે તેની સચોટ સાબિતી આપી છે.

હબલ સ્પેસ ટેલિસ્કોપે આપણી મિલ્કી વે ગેલેક્સીમાંના સ્કોર્પિયસ કોન્સ્ટેલેશન(વૃશ્ચિક રાશી અથવા નક્ષત્રનું તારા મંડળ)માં નવા જન્મતા તારાની અને તેના વિશાળ વિસ્તારની સુંદર રંગીન ઈમેજ લેવામાં સફળતા મેળવી છે. હબલ સ્પેસ ટેલિસ્કોપ ૧૯૯૦ની ૨૪,એપ્રિલે સ્પેસ શટલ ડિસ્કવરી દ્વારા કેનેડી સ્પેસ સ્ટેશન પરથી તરતું મુકાયું છે. હબલ આકાશમાં ૫૨૫ કિલો મીટરના અંતરે ૨૭,૦૦૦ કિલોમીટર (પ્રતિ કલાક)ની અતિ તીવ્ર ગતિએ ઘૂમી રહ્યું છે. હબલ સ્પેસ ટેલિસ્કોપે છેલ્લાં ૩૪ વર્ષની ઉજળી કામગીરી દરમિયાન બ્રહ્માંડનાં અદભૂત રહસ્યોનો અને આશ્ચર્યાનો તાગ મેળવીને ખગોળશાસ્ત્રીઓને અંતરિક્ષની નવી સમજણ આપી છે.

નાસાનાં સૂત્રોએ જણાવ્યુ છે કે અમારા હબલ સ્પેસ ટેલિસ્કોપે (એચ.એસ.ટી.) હમણાં આપણી મિલ્કી વે ગેલેક્સી(જેને મંદાકિની કહેવાય છે)માંના સ્કોર્પિયસ કોન્સ્ટેલેશન (વૃશ્ચિક રાશી અથવા નક્ષત્રનું તારા મંડળ)માં નવા જન્મતા તારાની ઈમેજ સાથે તેનો આખો વિસ્તાર શોધ્યા છે. આ તારા મંડળમાં નવા, ઝળહળતા તારાના જન્મની પ્રક્રિયા થઇ રહી છે. હબલે વૃશ્ચિક રાશિના આ નવા તારા મંડળની સુંદર,રંગીન ઈમેજીસ લીધી છે. મિલ્કી વે ગેલેક્સીમાંનું આઇ.આર.એ.એસ.-૧૬૫૬૨- ૩૯૫૯ સંજ્ઞા ધરાવતું વૃશ્ચિક રાશિનું નવું તારા મંડળ પૃથ્વીથી ૫,૯૦૦ પ્રકાશ વર્ષ જેટલા અતિ દૂરના અંતરે છે.

આશ્ચર્યની બાબત તો એ છે કે મિલ્કી વેગેલેક્સીના સ્કોર્પિયસ કોન્સ્ટેલેશનમાં જે નવા તારાનો જન્મ થઇ રહ્યો છે તે આપણા સૂર્ય કરતાં ૩૦ ગણા વધુ મોટા અને વધુ પ્રકાશિત હોવાની પૂરી શક્યતા છે. આ નવા તારાનું જૂથ ભવિષ્યમાં આખી મિલ્કી વે ગેલેક્સીના સૌથી મોટા -વિરાટ તારામાંનું જૂથ બની રહેશે. આમ પણ અગોચર બ્રહ્માંડમાં આપણા સૂર્યના દળ (માસ)કરતાં ૨૦, ૩૦, ૫૦, ૧૦૦ ગણું વધુ દળ ધરાવતા અને અનેકગણા વધુ પ્રકાશિત તારા ઝળહળી રહ્યા છે. આપણા સૂરજની ઉંમર(પાંચ અબજ વર્ષ) કરતાં પણ વધુ જૂની પેઢીના એટલે કે ૧૦થી ૧૧ અબજ વર્ષ પહેલાં જન્મેલા તારા પણ છે. વળી, આ તારા મંડળમાં ધૂળનાં અતિ ગાઢ અને અતિ વિશાળ વાદળો ઘુમરાતાં હોવાથી ત્યાં ઘેરો અંધકાર પણ છે.ધૂળનાં વાદળોને કારણે આ તારા મંડળનો પ્રકાશ પણ ઝાંખો છે. આમ છતાં હબલ સ્પેસ ટેલિસ્કોપના આધુનિક ઇન્ફ્રારેડ કેમેરાએ ધૂળનાં વાદળોને પણ ભેદીને નવા તારાના જન્મની અદભુત અને અજીબોગરીબ પ્રક્રિયાની તથા તે વિશાળ તારા મંડળની મનોહર ઈમેજીસ લીધી છે.હબલ સ્પેસ ટેલિસ્કોપની આ કામગીરી ખરેખર યાદગાર છે.નાસા વિજ્ઞાનીઓએ આ ઈમેજીસનું મહત્વ સમજાવતાં કહ્યું છે કે હબલ સ્પેસ ટેલિસ્કોપની ઈમેજીસના ઉપરના ડાબા અને નીચેના જમણા હિસ્સામાં સ્કોર્પિયસ કોન્સ્ટેલેશનના તારા મંડળના વિશાળ વિસ્તારમાંથી જેટ( વિદ્યુતભારવાહી પદાર્થકણોનો ફુવારો) પણ બહાર ફેંકાઇ રહ્યો હોવાનું સ્પષ્ટરીતે જોઇ શકાય છે.

વળી,આ કલરફૂલ ઈમેજ હબલમાંના આધુનિક કેમેરાના લાઇટ સેન્સર્સની સામે ગોઠવવામાં આવેલાં ચાર ફિલ્ટર્સ દ્વારા મેળવી શકાઇ છે.હવે આ જ ઈમેજના અને તેની લાઇટની વેવલેન્ગ્થના ગહન અભ્યાસના આધારે નવા તારાનું બંધારણ, તેનું કુલ દળ,તેમાંનાં વાયુઓ,તેનું તાપમાન,ઘનતા વગેરે પાસાંની વિગતો જાણી શકશે.

આર્યભટ્ટ રિસર્ચ ઇન્સ્ટિટયુટ ઓફ ઓબ્ઝર્વેશનલ સાયન્સિઝ (એ.આર.આઇ.એસ.-એરીસ-નૈનીતાલ)નાં સિનિયર ખગોળશાસ્ત્રી ડો.સ્નેહલતાએ જણાવ્યું હતુ કે આપણી મિલ્કી વે ગેલેક્સીમાં આપણા સૂર્ય કરતાં પણ ૧૦, ૨૦ ,૩૦,૫૦, ૧૦૦ ગણા વધુ મોટા, વધુ ઝળહળતા અને વિવિધ પ્રકારના તારા છે. ઉદાહરણ રૂપે પ્રોટો સ્ટાર્સ,ન્યુટ્રોન સ્ટાર્સ,વ્હાઇટ ડ્વાર્ફ સ્ટાર્સ,રેડ ડ્વાર્ફ સ્ટાર, રેટ જાયન્ટ સ્ટાર્સ, સુપર જાયન્ટ સ્ટાર્સ,ટી ટૌરી સ્ટાર્સ હોય છે. અમે ૨૦૨૧માં પૃથ્વીથી ૯,૫૦૦ પ્રકાશ વર્ષ દૂર આવેલી એન.જી.સી.-૨૮૧ સંજ્ઞાવાળી નેબ્યુલા(નિહારીકા-- તારા મંડળ)માં ૨૨૮ ન્યુ વેરિયેબલ સ્ટાર્સ શોધ્યા છે. સમયના ફેરફાર સાથે જે તારાના પ્રકાશમાં પરિવર્તન થાય તેને સરળ ભાષામાં વેરિયેબલ સ્ટાર્સ કહેવાય છે.આવા તારાનો પ્રકાશ ઝાંખો થાય અને વધુ ઝળહળતો પણ થાય. આ નેબ્યુલામાં નવા તારાના જન્મની પ્રક્રિયા થઇ રહી છે. આ વિશાળ તારા મંડળમાં ચારે તરફ હિલિયમનાં વિરાટ વાદળો ,ધૂળનાં ગાઢ વાદળો ઘુમરાઇ રહ્યાં છે. સાથોસાથ૨૨૮માંના ૫૧ તારામાં તો હજી નવા તારા બનવા માટે જરૂરી હિલિયમ,ધૂળ,અન્ય વાયુઓ ભેગા થવાનીજબરી રહસ્યમય પ્રક્રિયા પણ થઇ રહી છે. આ પ્રક્રિયા પૂરી થશે એટલે આ બધા સ્ટાર્સમાં હાઇડ્રોજન અને હિલિયમનું ન્યુક્લિયર ફ્યુઝન (જેને આણ્વિક સંયોજન કહેવાય છે) શરૂ થશે. હાઇડ્રોજન અને હિલિયમનું ન્યુક્લિયર ફ્યુઝન થાય એટલે તારામાં ૬,૦૦૦ ડિગ્રી જેટલું અતિ અતિ ઉકળતું તાપમાન ઉત્પન્ન થાય.સાથોસાથ પ્રકાશનું પણ સર્જન થાય.આ તબક્કે તારાનો જન્મ થયો કહેવાય. આ તબક્કે તારાનો ઝળહળાટ શરૂ થાય.

# કલ કે કરોડપતિ- ગ્રાઉન્ડ બ્રેકિંગ સ્ટાર્ટઅપ શોકેસ




(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૧

ભારતની સતત વૃદ્ધિ પામી રહેલી વધતી જતી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને વેગ આપતાં સ્ટાર્ટઅપ્સને મહત્વનું પ્લેટફોર્મ પ્રદાન કરતી પહેલ ‘કલ કે કરોડપતિ (KKK)’નું અમદાવાદમાં મંગળવારે જાણીતા અભિનેતા અને ઉદ્યોગ સાહસિક સુનિલ શેટ્ટી દ્વારા ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ પહેલની શરૂઆત - ગુજરાત ચેપ્ટરથી શરૂ કરવામાં આવી છે. ત્યારબાદ દેશના અન્ય રાજ્યોમાં શરૂ કરવામાં આવશે. કલ કે કરોડપતિ એ સ્ટાર્ટઅપ્સ, વીસી ફંડ્સ અને રોકાણકરોનું અનેરૂ જોડાણ રજુ કરે છે. નોંધપાત્ર આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપવાના હેતુ સાથે વ્યાપક અભિગમ અપનાવી ફંડ ઊભુ કરવાના પ્રયાસોને સફળ બનાવે છે. પ્રથમ ચેપ્ટરની શરૂઆત ખાસ કરીને ગુજરાતના વાઈબ્રન્ટ લેન્ડસ્કેપમાં સ્ટાર્ટઅપ્સ અને મહત્વાકાંક્ષી ઉદ્યોગસાહસિકોને સહાય કરતું નવુ પ્લેટફોર્મ પ્રદાન કરે છે. આ પહેલમાં ગુજરાતભરમાંથી ૫૦૦ સ્ટાર્ટઅપ્સને તેમના બિઝનેશ પ્રસ્તાવો અને ખ્યાલો રજુ કરવા આમંત્રિત કર્યા હતીં. જેમાંથી વિવિધ ઉદ્યોગોમાં ઈનોવેટિવ સોલ્યુશન્સ પ્રદાન કરતાં ૨૭ આશાસ્પદ સાહસોની પસંદગી કરવામાં આવી છે. પસંદગી પામેલા સ્ટાર્ટઅપને નવ વેન્ચર કેપિટલ ફંડ્સ અને રોકાણકારોની પેનલ સમક્ષ સંક્ષિપ્ત ૩- મિનિટની લાઈવ પિચ દ્વારા તેમના વેન્ચરની વૃદ્ધિ ક્ષમતા અને યુનિક મોડલને રજુ કરવાની તક આપવામાં અવી હતી. નોંધનીય છે, કલ કે કરોડપતિની પ્રથમ સિઝનમાં આ સ્ટાર્ટઅપ્સ રોકાણકારો પાસેથી ૧૫ કરોડના EOI પ્રાપ્ત કરી ચુક્યા છે. જે અગ્રણી રોકાણ સંસ્થાઓ માટે ગુજરાતના ઈનોવેટિવ પ્રયાસોના આકર્ષણને રેખાંકિત કરે છે. વેન્ચર બિલ્ડરના આંત્રપ્રિન્યોર મિલાપસિંહ જાડેજા એ કોન્સેપ્ટ પ્રત્યે વિશ્વાસ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, “કલ કે કરોડપતિ ગુજરાતની સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ અને ભારતના વિશાળ ઉદ્યોગ સાહસિક લેન્ડસ્કેપને પ્રોત્સાહન આપવાની નોંધપાત્ર ક્ષમતા ધરાવે છે. કલ કે કરોડપતિ પહેલ ટેકનોલોજી, શિક્ષણ, ટ્રાવેલ, હેલ્થકેર અને હોસ્પિટાલિટી સહિત વિવિધ ક્ષેત્રે નવી તકોનું સર્જન ઉપરાંત રોકાણોની સુવિધા પ્રદાન કરતાં આર્થિક વૃદ્ધિમાં ફાળો આપવા માટે તૈયાર છે.

# ગુજરાતનું ગૌરવઃ નેશનલ કક્ષાની ચેસ ચેમ્પીયનશીપમાં દ્વિતીય સ્થાન મેળવ્યું




જૂનાગઢ તા. ૨૧

મુળ ગોંડલના વેદાંત રૂપેશભાઈ વરાસડા જેઓ અંકલેશ્વર ખાતે લાયન્સ સ્કુલમાં ધો.૮ માં સીબીએસસીમાં અભ્યાસ કરે છે. તેઓએ અમદાવાદ ખાતે યોજાયેલ ગુજરાત સ્ટેટ અંડર-૧૨ ઓપન સિલેકશન ફોર નેશનલ ચેસ ચેમ્પીયનશીપ -૨૦૨૨ માં પ્રથમ સ્થાન મેળવેલ અને સતત પ્રયત્ન કરતા ૧૨+૪ નેશનલ સ્કુલ અન્ડર-૧૫ ઓપન ચેસ ચેમ્પીયનશીપ બિહાર (પટણા) ખાતે તા.૬-૨-૨૪ થી ૧૦-૨-૨૪ દરમ્યાન યોજાયેલ હતી. જેમાં ભાગ લઈને તૃતિય સ્થાન નેશનલ કક્ષામાં મેળવેલ છે. તેમજ રાજસ્થાનના જયપુર ખાતે તા.૧૩-૨-૨૪ થી ૧૭-૨-૨૪ દરમ્યાન યોજાયેલ નેશનલ એમેચ્યુર ચેસ ચેમ્પીયનશીપ બીબોવ ૧૭૦૦ ઓપનમાં ભાગ લઈ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. જેથી તેઓ હવે ભારતીય પ્રતિનિધિત્વ તરીકે વર્લ્ડ એમેચ્યુર ચેમ્પીયનશીપ ઈટાલીમાં યોજાશે તેમાં ભાગ લઈ ગુજરાતનું ગૌરવ વધારશે.

# ઉના ખાતે કોળી સમાજ દ્વારા સમુહ લગ્નોત્સવ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા. ૨૧

શ્રી સમસ્ત કોળી સમાજ ઊના અને ગીરગઢડા, નવયુવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ઊના, અને નવયુવક કોળી મંડળ દ્વારા તા.૨૫/૨/૨૦૨૪ને રવિવારે પાંચમો સમુહ લગ્નોત્સવ ઊનાના દેલવાડા રોડ ઉપર આવેલ શાહ એચ.ડી. હાઈસ્કુલના મેદાનમાં ભવ્ય રીતે ઉજવાશે. જેમાં ઊના, ગીરગઢડા તાલુકામાંથી ૬૨ નવ યુવક-યુવતીઓ શાસ્ત્રોક્ત વિધિથી લગ્નગ્રંથીએ જોડાઈ પ્રભુતામાં પગલાં પાડશે. આયોજકો દ્વારા નવદંપતિઓને ૨૦થી વધુ ઘર ઉપયોગી વસ્તુઓ ભેટ આપી વિદાય કરશે.

આ સમૂહ લગ્ન ઉત્સવને સફળ બનાવવા માટે આયોજક મુખ્ય દાતા એવા ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, નવયુવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ઊનાના પ્રમુખ વિજય ભાઈ કે. રાઠોડ અને નવયુવક કોળી મંડળ ઊનાના પ્રમુખશ્રી, રવિભાઈ કે. રાઠોડ, હિન્દુ યુવા સંગઠન ઊના શહેર અને તાલુકા, મહાકાલ ગ્રુપ ઊનાના તમામ કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે.

# દેવભૂમિ દ્વારકામાં વડાપ્રધાનના આગમન પૂર્વે ભાજપના હોદેદારોની ખાસ બેઠક યોજાઈ

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૨૧



ઓખા - બેટ દ્વારકા વચ્ચે નિર્માણ પામેલા સિગ્નેચર બ્રિજને લોકોને અર્પણ કરવા માટે આગામી તા. ૨૫ ફેબ્રુઆરીના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું દેવભૂમિ દ્વારકા ખાતે આગમન થઈ રહ્યું છે. જેને અનુલક્ષીને ગઈકાલે મંગળવારે ભાજપના આગેવાનો, હોદેદારોએ દ્વારકા ખાતે ખાસ બેઠક યોજી હતી. જેમાં ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી વિનોદભાઈ ચાવડા, ગુજરાત ભાજપના પૂર્વ પ્રદેશ પ્રમુખ આર.સી. ફળદુ, જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી, જામનગર જિલ્લા ભાજપ પ્રમુખ રમેશભાઈ મુંગરા સાથે જામનગર દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લાના ભાજપના આગેવાનો-હોદેદારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સૌપ્રથમ ભગવાન દ્વારકાધીશના દર્શન કરી અને આગામી કાર્યક્રમો અંગે મહત્વની બેઠકમાં ચર્ચા વિચારણાઓ કરી હતી. તેમની સાથે જિલ્લા મહામંત્રી રસિકભાઈ નકુમ, જિલ્લા મંત્રી રાજુભાઈ ભરવાડ વિગેરે પણ જહેમત ઉઠાવી હતી.

# દ્વારકાની ૧૭ પ્રાથમિક શાળાઓમાં ભગવાન શ્રી કૃષ્ણ જીવન આધારિત વેશભૂષા સ્પર્ધા યોજાઈ




(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા. ૨૧

આગામી તા. ૨૫ ફેબ્રુઆરીના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રવાસે પધારી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સિગ્નેચર બ્રિજનું લોકાર્પણ કરશે.

વડાપ્રધાનના આગમન પૂર્વે જિલ્લામાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા સંગઠનના માર્ગદર્શન હેઠળ વડાપ્રધાનના કાર્યક્રમને લઇ તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. દ્વારકા નગરપાલિકા વિસ્તારની ૧૭ જેટલી પ્રાથમિક શાળામાં ભગવાન શ્રી કૃષ્ણના જીવન આધારિત ‘રાધા - કૃષ્ણ’ વેશભૂષા સ્પર્ધા યોજવામાં આવી હતી. આ વેશભૂષા સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે વિજેતા થનાર રાધા કૃષ્ણને શ્રી જગત મંદિર દ્વારકા ખાતે જિલ્લા વિકાસ અધિકારી, પ્રાંત અધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સહિતના દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

રાજ્યમાં તાલુકા દીઠ એક ગામ સ્માર્ટ વિલેજ તરીકે વિકસાવવાની દિશામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું મહત્વપૂર્ણ કદમ

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપેલા રૂર્બન કોન્સેપ્ટ આત્મા ગામડાનો સુવિધા શહેરોની વિચારધારા સાકાર કરતી સ્માર્ટ વિલેજ યોજના અંતર્ગત વધુ પાંચ જિલ્લાની ૧૬ ગ્રામ પંચાયતો સ્માર્ટ વિલેજ જાહેર થઈ

## જૂનાગઢ જિલ્લાના પાંચ ગામ ચોરવાડી, સમઢીયાળા, ધંધુસર, મટીયાણા, બાલાગામનો સમાવેશ થયો

(પ્રતિનિધી દ્વારા)
ગાંધીનગર તા.૨૧

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં તાલુકા દીઠ એક ગામ સ્માર્ટ વિલેજ બનાવવાના વિકાસલક્ષી અભિગમ સાથે પાંચ જિલ્લાના ૧૬ ગામોને સ્માર્ટ વિલેજ જાહેર કર્યા છે. આ ગામો રાજ્ય સરકારની સ્માર્ટ વિલેજ પ્રોત્સાહક યોજના અન્વયે પસંદ કરાયેલાં ગામો છે.

આ સ્માર્ટ વિલેજમાં રાજકોટ જિલ્લાના ૬ ગામ; રાયડી, થાણાગાલોળ, વીરનગર, આણંદપરા(નવા), સતાપરા, લોધીકા, જૂનાગઢ જિલ્લાના પાંચ ગામ; ચોરવાડી, સમઢીયાળા, ધંધુસર, મટીયાણા, બાલાગામ, જામનગરના ત્રણ ગામ; પીપર, વાકીયા, સીદસર ઉપરાંત બોટાદ જિલ્લાના એક ગામ અડતાળા અને દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લાના એક ગામ મહુવર, એમ કુલ ૧૬ ગામોનો સમાવેશ થાય છે.

સ્માર્ટ વિલેજ પ્રોત્સાહક યોજનામાં પસંદ થયેલા આ ગામોના સર્વાંગી વિકાસ માટે ગ્રામ પંચાયત દિઠ પાંચ લાખ રૂપિયાની પુરસ્કાર રકમ આપવામાં આવશે. એટલું જ નહિ, આ પુરસ્કાર રાશિ ગામોના વિકાસ કામો માટેના સ્વભંડોળનો ભાગ બનશે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના ગામોને શહેરો સમકક્ષ સ્માર્ટ, સસ્ટેઈનેબલ અને સુવિધાયુકત બનાવવાની નેમ સાથે 'રૂર્બન- આત્મા ગામનો સુવિધા શહેરની'નો વિચાર આપેલો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનશ્રીની આ વિચારધારાને આગળ ધપાવતાં સ્માર્ટ વિલેજ પ્રોત્સાહક યોજનાને વધુ વ્યાપક સ્વરૂપે વિસ્તારી છે. મુખ્યમંત્રીના દિશાદર્શનમાં તૈયાર થયેલી સ્માર્ટ વિલેજ યોજનામાં આવા સ્માર્ટ વિલેજની પસંદગી માટેના જે ધોરણો નિર્ધારીત કરાયાં છે તેમાં ગામમાં અદ્યતન ટેક્નોલોજીનો વિનિયોગ, ગ્રામીણ જીવનશૈલીને જાળવી રાખીને ગ્રામજનોના ક્વોલિટી ઓફ લાઈફમાં સુધારો કરવો તેમજ ગામના આર્થિક, સામાજીક અને પર્યાવરણીય મૂલ્યના સંવર્ધન સાથે માળખાકીય સુવિધા ઉપલબ્ધ કરાવવાનો ધ્યેય રાખેલો છે.

આવા સ્માર્ટ વિલેજ અન્ય ગામો માટે "ગુડ ગવર્નન્સ"ના મોડેલ ગામ તરીકે વિકસે તથા એક્શન લેબોરેટરી તરીકે કાર્ય કરે તેવો હેતુ પણ રાખવામાં આવ્યો છે.

આવા સ્માર્ટ વિલેજ પસંદગી માટેના ધોરણોમાં ગામ રોડથી જોડાયેલું હોય, રોડથી તદ્દન નજીકમાં હોય, ગામ શક્ય હોય ત્યાં સુધી સ્ટેટ હાઈવે પર હોય, પ્રાથમિક સુવિધા તરીકે પાકા રસ્તા અને ગટર વ્યવસ્થા, સ્ટ્રીટ લાઈટ તેમજ સંપૂર્ણ સફાઈ થતી હોય અને ગામની વસ્તી ૨૦૦૦ થી ૬૦૦૦ સુધીની હોય તે માપદંડો ધ્યાને લેવામાં આવેલા છે. આ ધોરણો ધરાવતા ગામોએ જે ૧૧ માપદંડો પરિપૂર્ણ કર્યા છે. તેમાં (૧) સરસ ગ્રામ વાટિકા/ગાર્ડન (૨) ફરજિયાત ડોર ટુ ડોર કલેક્શન (૩) દરેક ઘરે પીવાના પાણીનું નળ કનેક્શન (૪) પંચાયત વેરા વસુલાત (૫) રસ્તા પર ઉકરડા ન હોય અને રસ્તાઓ નિયમિત સાફ થાય (૬) સ્માર્ટ ઈ-ગ્રામ સેન્ટરની સુવિધા (૭) ગ્રામ પંચાયત કચેરી ઉપર સોલર રૂફટોપ (૮) ઓપન ડેફીકેશન ફ્રી વિલેજ (૯) ગ્રામ પંચાયત દ્વારા લાઈટબીલ ભરવાની નિયમિતતા (૧૦) ગામમાં ગટર બનાવવી (૧૧) ગામતળના પાકા રસ્તા વગેરેને આવરી લેવાયા છે. ૧૧ માપદંડો પરિપુર્ણ કરતી ગ્રામ પંચાયતો દ્વારા સ્પર્ધામાં ભાગ લેવા માટે નિયત કરાયેલ ફોર્મ ભરવામાં આવેલા તેમાં બેઝ યર તરીકે વર્ષ ૨૦૨૨-૨૩ લેવામાં આવ્યું હતું. આવા ગામો પસંદ કરતાં પૂર્વે ગ્રામ પંચાયત દ્વારા ભરેલ ફોર્મ અન્વયે તાલુકા કક્ષાની સમિતિએ રૂબરૂ મુલાકાત લઈ પ્રાથમિક ચકાસણી કરી હતી અને એ પ્રમાણે ગુણ આપી પોતાના અભિપ્રાય સાથેની યાદી રાખી જીલ્લા કક્ષાની સમિતિમાં દરખાસ્ત મોકલી આપી હતી. આ ફોર્મના આધારે મેરીટના બેઝ પર સ્માર્ટ વિલેજની પસંદગી જીલ્લા કક્ષાની સમિતિ ધ્વારા કરવામાં આવી છે. ૯૦% ગુણ મેળવેલ ગ્રામ પંચાયતોને થર્ડ પાર્ટી વેરીફીકેશન કરાવ્યા પછી જ પુરસ્કાર/પ્રોત્સાહક રકમ જાહેર કરવામાં આવ્યા છે. આ સમગ્ર અમલીકરણ પ્રક્રિયા પુર્ણ થયા બાદ, લઘુત્તમ ૯૦ માર્કસ મેળવેલ હોય તેવી ગ્રામ પંચાયતો પૈકી મહત્તમ મળેલ માર્કસના આધારે તાલુકા દીઠ એક ગ્રામ પંચાયતને સ્માર્ટ વિલેજ તરીકે જાહેર કરવામાં આવી છે.


# ઉના તાલુકાના કોબ ગામે કોળી સમાજનો પ્રથમ ભવ્ય સમૂહ લગ્નોત્સવ

## ઉના કોળી સમાજ આયોજીત સમૂહ લગ્નોત્સવમાં ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારની ઝલક : નવદંપતિઓને સમૂહ લગ્નના શુભ પ્રસંગે ધર્મ જાગરણ સમન્વય દ્વારા ગીતાજી અને ભારત માતાની પ્રતિમા અર્પણ

(નિરવ ગઢીયા દ્વારા)
ઉના તા.૨૧

વસંતપંચમીના વધામણા અને માતા સરસ્વતીના પૂજન સાથે તથા હિન્દુ સનાતન ધર્મની જય સાથે ઉના તાલુકાના કોબ ગામે કોળી સમાજ દ્વારા હિન્દુ શાસ્ત્રોક્ત વિધિથી લગ્નોત્સવ આયોજન કરવામાં આવ્યો હતો અને આ લગ્નમાં કોળી સમાજના અગ્રણીઓ, પટેલો, સરપંચશ્રીઓ તથા પદાધિકારીઓ અને અધિકારીઓ તથા કર્મચારીઓ સાથે ગ્રામજનો અને સર્વ લોકોએ સાથે મળીને ઉત્સાહપૂર્વક સમૂહલગ્નન કાર્યને એક એકતા અને વિશ્વાસના સામાજિક પ્રતિકરૂપ બનાવી દીધું હતું. સમાજના અગ્રણીઓ તથા આયોજકો દ્વારા લગ્નમાં ખોટા ખર્ચાઓ ઘટાડીને તથા સમાજમાં એક સંગઠન ભાવથી નૂતન સમાજ નિર્માણ માટે આહવાહન કર્યુ હતું. ઉલ્લેખનીય છે કે વૈદિક મંત્રોચાર સાથે સમાજના નવયુગલો પ્રભુતામાં પગલાઓ પાડીને નવજીવનની શરૂઆત કરી રહ્યા છે ત્યારે દરેક નવદંપતિને ધર્મ જાગરણ સમન્વય દ્વારા ગીતાજી અને ભારત માતાની પ્રતિમા ભેટ આપી આશીર્વાદ આપ્યા હતા તેમજ આયોજકો અને વ્યવસ્થાપકોને અભિનંદન આપ્યા હતા. તેમજ સમાજમાં આ પ્રકારના સદકાર્યો અને સંગઠન નિર્માણ માટે કાર્ય થતા રહે માટે રામાયણમાં ભગવાન રામચંદ્રજી સાથે જોડાયેલા પ્રસંગની વાત માર્મિક શ્રેણીમાં રજૂ કરી સમાજને સંદેશ પાઠવ્યો હતો. સમાજના અગ્રણીઓ દ્વારા સમૂહ ભોજન, દીકરીઓ માટે સમાજ દ્વારા અનેક ભેટ સોગાદ જીવન જરૂરિયાત પ્રમાણે આપવામાં આવી હતી.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોળી સમાજના વડીલોના માર્ગદર્શન અને યુવાનોની જહેમત રંગ લાવી હતી. સમગ્ર જિલ્લામાં આજે અલગ અલગ જગ્યાએ સમૂહ લગ્નો તથા લગ્નો હતા પણ આ સંસ્કૃતિ તથા સામાજિક સંસ્કારો સાથે વણાયેલો સમૂહ લગ્ન જેમાં સામાજિક સમરસતા, શિક્ષણ, ખોટા ખર્ચાઓ અને રિવાજોને તિલાંજલિ આપવી જેવી બાબતો અંગે વાત કરવામાં આવી હતી. એક નવો વિચાર સમાજમાં રાખવામાં આવ્યો અને તેને વધાવવામાં આવ્યો તેમજ સર્વે આયોજકો દ્વારા જય શ્રી રામના નારા સાથે સર્વે સમાજનો દાતાઓનો આભાર વ્યક્ત કરી સમાજમાં સમૂહલગ્નો દ્વારા સંસ્કાર, સંગઠન તથા સમરસતા નિર્માણ થાય તેવી સમસ્ત સમાજ સમક્ષ ઉદબોધન કરવામા આવ્યુ હતું. કોળી સમાજના સમૂહ લગ્નોત્સવમાં રાજકીય, સામાજિક અને સર્વે સંસ્થાઓના પ્રતિનિધિઓ તથા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને સર્વે આયોજકો અને વ્યવસ્થાપકો અને સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા તથા નવદંપતિઓને આશીર્વાદ આપ્યા હતા. આજે સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં સમૂહ લગ્નોત્સવ આયોજન કરવામાં આવ્યા છે પણ સમાજની સંગઠન તથા એકતા અને સાથે ભારતીય સંસ્કૃતિ અને ધર્મ સંસ્કારની એક અલગ ભાત અહી જોવા મળી તે ખરેખર અદ્વિતીય કહી શકાય. ભારત માતાની જય સાથે શરૂઆત કરી પ્રભુ શ્રી રામની જયજયકાર સાથે લગ્ન સંપન્ન થયા.

# બેટ દ્વારકાના નવનિર્મિત સિગ્નેચર બ્રીજને રવિવારે વડાપ્રધાન ખુલ્લો મુકશે



## પુલ પર ગેલેરી, સોલાર પેનલ, ગીતાજીના શ્લોક, મોર પંખ, વિગેરેનું આકર્ષણ

(કુંજન રાડીયા દ્વારા)
જામ ખંભાળિયા, તા.૨૧

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઓખાથી બેટ દ્વારકાને જોડતા સિગ્નેચર બ્રિજનું રવિવાર તા. ૨૫ ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી લોકાર્પણ કરશે. અંદાજીત રૂ. ૯૭૮.૯૩ કરોડના ખર્ચે આ વિશીષ્ટ કેબલ સ્ટેઈડ બ્રિજનું નિર્માણ થયુ છે.

આ અંગેની વિગતો આપતા જિલ્લા કલેક્ટર જી.ટી. પંડ્યાએ જણાવ્યું હતું કે, ઓખા અને બેટ દ્વારકાને જોડતો ફોરલેન સિગ્નેચર બ્રિજ જે ૯૦૦ મીટર લોન્ગ સેન્ટ્રલ કેબલ મોડ્યુલ પર બનેલો છે. બ્રિજની કુલ લંબાઈ ૨૩૨૦ મીટર છે. ઓખા સાઈડ એપ્રોચ બ્રિજની લંબાઈ ૩૭૦ મીટર, બેટ સાઈડ એપ્રોચ બ્રિજની લંબાઈ ૬૫૦ મીટર અને ૯૦૦ મીટર કેબલ સ્ટેઈડ બ્રીજ છે. આ બ્રિજ બનતાં ઓખા અને બેટ દ્વારકા વચ્ચે પરંપરાગત માર્ગથી જે બોટ દ્વારા યાત્રિકો અને ત્યાંના લોકોએ અવરજવર કરવી પડતી હતી તેના બદલે હવે બ્રિજનો ઉપયોગ થશે. બોટમાં મુસાફરી માટે ૩૦ થી ૪૦ મિનિટ જેટલો સમય લાગતો હતો, તે હવે ઘણો જ ઓછો થઈ જશે. વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે, રાહદારીઓ માટે વ્યુઈંગ ગેલેરીની પણ સુવિધા કરેલી છે. ફુટપાથની બાજુ પર કાર્વિંગ પથ્થર પર કોતરણી કામ કરી શ્રીમદ ભાગવત ગીતાજીનાં શ્લોકો દર્શાવવામાં આવ્યા છે. જે આકર્ષણ કેન્દ્ર વધારશે.

બ્રિજના મુખ્ય ગાળામાં બંને પાયલોન પર ૨૦*૧૨ મીટરના ચાર મોરપંખ આકારવામાં આવ્યા છે. આ બ્રિજની બંને તરફની ફુટપાથ પર ૧ મેગાવોટ વિજળીનું ઉત્પાદન કરવા માટે સોલાર પેનલ લગાવવામાં આવી છે. બ્રીજ પર ૧૨ જેટલા લોકેશન પર પ્રવાસીઓ માટે વ્યુઈંગ ગેલેરી બનાવવામાં આવી છે. આ બ્રિજથી દ્વારકા, ઓખા અને બેટ-દ્વારકામાં રહેતા લોકોને રોજગારીની નવી તકો મળશે તેમજ ભગવાન શ્રી કૃષ્ણના દર્શનાર્થે આવતા પ્રવાસીઓને બ્રિજની સગવડતા મળવાથી સરળતાથી દર્શનનો લાભ મળશે.

# ખંભાળિયાના રેલ્વે સ્ટેશન જય જય શ્રી રામના નાદથી ગુંજી ઉઠયું : રામ ભક્તોનું અયોધ્યા ખાતે પ્રયાણ





(કુંજન રાડીયા દ્વારા)
જામ ખંભાળિયા, તા.૨૧

ગુરૂવાર તારીખ ૨૨ ફેબ્રુઆરીના રોજ અયોધ્યા ખાતે શ્રીરામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાને એક વર્ષ પૂર્ણ થઈ રહ્યું છે. ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લા સાથે સમગ્ર હાલાર પંથકના યાત્રાળુઓ ખાસ ટ્રેન મારફતે અયોધ્યા ખાતે જવા રવાના થતા ખંભાળિયા સહિત આ વિસ્તારના યાત્રાળુ ભક્તોને ભાવભરી વિદાય આપવામાં આવી હતી.

દ્વારકાથી અયોધ્યા ખાતે ગઈકાલે મંગળવારે બપોરે આસ્થા સ્પેશિયલ ટ્રેનનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. જેમાં ખંભાળિયાના પણ ૨૩૪ રામ ભક્તો અયોધ્યા ખાતે જવા રવાના થયા હતા. મંગળવારે બપોરે ખંભાળિયાના રેલવે સ્ટેશન ખાતેથી આ વિસ્તારના શ્રીરામ ભક્તોને વિદાય આપવા પૂર્વે અહીંના સ્ટેશન રોડ વિસ્તારમાં આવેલી ડો. અમિત નકુમની વેદાંત હોસ્પિટલ ખાતે આ તમામ યાત્રાળુ ભક્તો તેમજ શહેરના આગેવાનો, કાર્યકરો મોટી સંખ્યામાં એકત્ર થયા હતા. અહીં તમામ રામ ભક્તોને ઉપરણા ઓઢાડીને ખાસ અભિવાદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હાલારના સાંસદ પૂનમબેન માડમએ પણ ખાસ ઉપસ્થિત રહીને અયોધ્યા ખાતે જતા તમામ રામ ભક્તોને પળો આપી, અને શુભેચ્છાઓ પાઠવી હતી. આ ઉપરાંત જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી, ક્ષત્રિય અગ્રણી પી.એસ. જાડેજા, અનિલભાઈ તન્ના, નગરપાલિકા પ્રમુખ રચનાબેન મોટાણી, તાલુકા પંચાયતના ઘનશ્યામસિંહ જાડેજા સહિતના આગેવાનો વિગેરે સાથે રામ ભક્તો - યાત્રાળુઓ ફૂલહાર પહેરાવીને આજે બપોરે રેલી સ્વરૂપે વાજતે ગાજતે રેલવે સ્ટેશન ખાતે પહોંચ્યા હતા. જ્યાં તમામને ભવ્ય વિદાય આપી, શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. જેને અનુલક્ષીને સમગ્ર વાતાવરણ ભગવાન શ્રી રામના જય જય કારથી ગુંજી ઉઠ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે અહીંથી રવાના થયેલા હાલાર પંથકના આશરે ૧૩૫૦ જેટલા રામ ભક્તો ગુરુવારે અયોધ્યા ખાતે ભગવાન શ્રી રામના ચરણોમાં શીશ ઝુકાવશે.

આ સમગ્ર આયોજનમાં સી.એલ. જાડેજા, યુવા ભાજપ પ્રમુખ વનરાજસિંહ વાઢેર, રસિકભાઈ નકુમ, રાજુભાઈ ભરવાડ, નિમિષાબેન નકુમ, રેખાબેન ખેતિયા, માનભા જાડેજા, ધીરુભાઈ ટાકોદરા, કિશોરસિંહ જાડેજા, અશોકભાઈ કાનાણી, સહિતના કાર્યકરો જોડાયા હતા. આ યાત્રાળુ ટ્રેનના ઈન્ચાર્જ તરીકે ઈન્દ્રજીતસિંહ પરમાર તેમજ તરીકે જીગ્નેશભાઈ પરમાર અને મોહનભાઈ બારાઈ સેવા આપી રહ્યા છે.

# યાત્રાધામ દ્વારકાથી અયોધ્યા માટે પ્રથમ આસ્થા સ્પેશ્યલ ટ્રેન રવાના

## ધારાસભ્ય પબુભા માણેક તથા પૂર્વ મંત્રી આર.સી.ફળદુના હસ્તે લીલી ઝંડી



(રાકેશ સામાણી દ્વારા)
દ્વારકા તા.૨૧

ભગવાન શ્રી રામચંદ્રજીના જન્મસ્થળ અયોધ્યા ખાતે ભગવાન શ્રી રામની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ બાદ હાલાર માંથી(જામનગર અને દેવભૂમિ દ્વારકા) પણ સ્પેશ્યલ આસ્થા ટ્રેન મંગળવાર તારીખ ૨૦ ફેબ્રુઆરીના રોજ અયોધ્યા માટે દ્વારકાથી પ્રસ્થાન કર્યુ હતું. જેમાં દેવભૂમિ દ્વારકામાંથી ૪૦૦ રામભક્તો જોડાયા હતા. આ આસ્થા ટ્રેન નું દ્વારકાના ધારાસભ્ય પબુભા માણેક, પૂર્વ મંત્રી આર.સી.ફળદુ સાથે અન્ય રાજકીય આગેવાનો તેમજ ધાર્મિક અને સામાજિક આગેવાનો દ્વારા દ્વારકાથી પ્રસ્થાન કરાવ્યું હતું જેમાં દ્વારકાથી આશરે ૧૬૬ રામભક્તો દ્વારકા, ઓખા, કલ્યાણપુર અને રાવલ તેમજ ખંભાળિયા ખાતેથી ૨૩૪ જેટલા રામભક્તો ખંભાળિયા, ભાણવડ અને સલાયાથી જોડાયા હતા.

# જૂનાગઢના ખામધ્રોળ રોડ ઉપર અકસ્માત સર્જાતા યુવાનનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ શહેરમાં દિવસે-દિવસે અકસ્માતની ઘટનામાં વધારો જોવા મળી રહ્યો છે. છેલ્લા ત્રણ દિવસમાં ત્રણ અકસ્માતથી મૃત્યું થયાના બનાવો બનવા પામેલ છે. જેમાં ગઈકાલે બનેલા બનાવ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર, જૂનાગઢના ખામધ્રોળ રોડ ઉપર આવેલ કેબ્રિજ સોસાયટીમાં રહેતા ઈલીયાસ રફીકભાઈ આરબ(ઉ.વ.૨૫) નામનો યુવક પોતાનું નવું બાઈક લઈને ગત મોડી રાત્રીના ૧:૫૭ કલાકે ઘરે જઈ રહેલ અને ખામધ્રોળ રોડ પર માર્ગ ઉપર અચાનક તેનું બાઈક ડિવાઈડર સાથે ટકરાતા તેને ગંભીર ઈજા થઈ હતી. આ અકસ્માતના બનાવ બાદ અમુક મિનીટો પછી એક વાહનચાલક પસાર થતા તેને ઈલીયાસને ગંભીર હાલતમાં ઈજાગ્રસ્ત જોવા મળતા તેમને સિવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ પરંતુ ત્યાં ઈલીયાસનું માથામાં હેમરેજ થવાથી મૃત્યું થયું હોવાનું તબીબોએ જણાવ્યું હતું. મૃતક યુવાન તેના પરિવારમાં એકનો એક દિકરો હતો અને તેના મૃત્યુંથી તેના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# ઉનાના પાડામાર વિસ્તારમાંથી લીલા નાળીયેર અને ખાખડીની ચોરી

(નવીન જોષી દ્વારા)
ઉના તા.૨૧

ઉના શહેરમાં પાડામાર વિસ્તાર માં ખેતી ની જમીન ધરાવતા ઈમ્તિયાઝભાઈ ચોરવાડા રે. ઊનાવાળા એ ઊના પોલીસ સ્ટેશનમાં લેખીતમાં અરજી કરી છે કે તેમના ખેતરમાં નારિયેલીના ઝાડ ઉપર ઊગેલ લીલા નારિયેળ નંગ અંદાજિત ૧૦૦ અને ખેતરમાં આંબાના ઝાડ ઉપર આવેલ કાચીકેરી (ખાખડી) ની અંદાજિત રૂપિયા ૧૫થી ૨૦ હજાર ની રકમની ગઈકાલે રાત્રીના કોઈ અજાણ્યો શખ્શ તોડી ચોરી કરી ને લઈ જઈ નાસી ગયાની રજૂઆત કરી હતી.

# શ્રી વૈષ્ણવ સાધુ સમાજ જૂનાગઢ દ્વારા સમુહલગ્ન યોજાયા



(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૨૧

શ્રી વૈષ્ણવ સાધુ(બા.વૈ) સમાજ જૂનાગઢ કારોબારી સમિતિ દ્વારા માનસબાગ ખાતે પાંચ દિકરીના સમુહ લગ્નનું આયોજન મહામંડલેશ્વર શ્રી જગજીવનદાસબાપુના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું.


પશ્ચિમ રેલવે-ભાવનગર ડિવિઝન

**BG કોચમાં કાટ રીપેર કાર્ય ટેન્ડર દસ્તાવેજ**

**ચીફ વર્કશોપ મેનેજરની ઓફિસ, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, ભાવનગર - 364003, પશ્ચિમ રેલવે.** ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડે. ચીફ મિકેનીકલ એન્જિનિયર, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, પશ્ચિમ રેલવે નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડર આવકારે છે. **ઈ-ટેન્ડર નં. : BVPW-2023-24-Corr-31-R; કામનું નામ:** બીવીપી વર્કશોપમાં સ્કોપ ઓફ વર્ક મુજબ BG કોચમાં 2 વર્ષ માટે કાટ રીપેર કાર્ય; **કામનો અંદાજિત ખર્ચ:** ₹ 2,18,67,717.74/-; **બિડ સિક્યોરિટી:** ₹ 2,59,300/-; **ટેન્ડર ડોક્યુમેન્ટ ફી:** ₹ 0.00/-; **ટેન્ડર ઓફરની વેલિડિટી:** 60 દિવસ; **કામ પૂર્ણ કરવાનો સમયગાળો:** સ્વીકૃતિ પત્ર ઇસ્યુ થયાની તારીખથી 24 મહિના; **ટેન્ડર જમા કરાવવાની છેલ્લી તારીખ અને સમય:** 07/03/2024 ના 11:00 કલાક; **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 07/03/2024 ના 11:30 કલાકે; **ઈસ્યુ કરનાર:** ડે. ચીફ મિકેનીકલ એન્જિનિયર, ચીફ વર્કશોપ મેનેજરની ઓફિસ, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, પશ્ચિમ રેલવે; **મહત્વપૂર્ણ નોંધ:** ટેન્ડર ફક્ત ઈલેક્ટ્રોનિકલી રીતે https://www.ireps.gov.in પર જમા કરાવવાના રહેશે. અને ઈ-ટેન્ડર સામે મેન્યુઅલ ઓફર સ્વિકારાશે નહીં અને આ ઓફિસમાં પ્રાપ્ત થયેલ કોઈપણ મેન્યુઅલ ઓફર ધ્યાનમાં લેવાશે નહીં અને ખોલાશે નહીં. 178

અમને લાઇક કરો: facebook.com/WesternRly



પશ્ચિમ રેલવે-ભાવનગર ડિવિઝન

**ડેપોની પાવર કારનું સંચાલન, એસ્કોર્ટિંગ અને ટ્રીપ મેન્ટેનન્સ તથા લિફ્ટનો AMC**

**નં. DRM/EL/ET/BVP/2023-24/13 તારીખ: 13/01/2024;** ડિવિઝનલ રેલવે મેનેજર (EL), પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામો માટે ઈ-ટેન્ડર આવકારે છે. ટેન્ડરની વિગતો નીચે મુજબ છે : **અનુ. નં. (1) ઈ-ટેન્ડર નં. BVP-EL-P-29-2023-24; કામનું નામ :** ભાવનગર ડિવિઝન – 3 વર્ષના સમયગાળા માટે BVC કોચિંગ ડેપોની પાવર કારનું સંચાલન, એસ્કોર્ટિંગ અને ટ્રીપ મેન્ટેનન્સ; **ટેન્ડર મૂલ્ય :** ₹ 44496314; **ઈએમડી :** ₹372500; **અનુ. નં. (2) ઈ-ટેન્ડર નં. BVP-EL-P-27-2023-24-R; કામનું નામ :** ભાવનગર ડિવિઝન – ગાંધીગ્રામ સ્ટેશન પર M/S મેટ્રો એલિવેટરની લિફ્ટનો 03 વર્ષ માટે કોમ્પ્રિહેન્સિવ વાર્ષિક મેન્ટેનન્સ કોન્ટ્રેક્ટ (AMC) ; **ટેન્ડર મૂલ્ય :** ₹ 720792; **ઈએમડી :** ₹ 14400; ઉરોક્ત તમામ ટેન્ડરો માટે : **બિડીંગ પ્રારંભની તારીખ :** તા. 22/02/2024; **બિડીંગ બંધ થવાની તારીખ :** તા. 07/03/2024; એનઆઈટી રેલવે વેબસાઈટ : www.ireps.gov.in પર તા. 14/02/2024 ના રોજ અપલોડ કરેલ છે.174

અમને લાઇક કરો: facebook.com/WesternRly



ગુજરાત સરકાર

નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર

" ઇ " પ્રોક્યુરમેન્ટ નોટીશ નં.૧૩ સને ૨૦૨૩-૨૪

કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત સિંચાઇ વિભાગ, જીલ્લા પંચાયત ભવન, બ્લોક નં.૧૩, એસ.ટી.રોડ, (ફો.નં.૨૨૧૨૬૬૭) પોરબંદરની કચેરી દ્વારા માન્ય શ્રેણીમાં નોધાયેલ ઠેકેદારશ્રીઓ પાસેથી કુલ-૧ કામના ભાવ ઓનલાઇન ઇ-ટેન્ડરીંગ પધ્ધતિથી મંગાવેલ છે. આ કામોના ટેન્ડરો tender.nprocure.com ઉપરથી જોવા મળશે અને ટેન્ડરો આ સાઇટ પર ઓન લાઇન ભરવાના રહેશે.

| | |
|---|---|
| ઓનલાઇન ટેન્ડર ભરવાની તારીખ અને સમય | તા.૨૧-૨-૨૦૨૪ થી તા.૦૬-૩-૨૦૨૪ ના ૧૮:૦૦ કલાક સુધી |
| ફીઝીકલ ડોકયુમેન્ટ પહોંચાડવાની છેલ્લી તારીખ અને સમય | તા.૧૬-૩-૨૦૨૪ ના ૧૮:૦૦ કલાક સુધી |
| ઓનલાઇન પ્રાઇસ બીડ ખોલવાની તારીખ અને સમય | તા.૦૭-૩-૨૦૨૪ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે |


નોંધ: ૧) હવે પછી જે કાંઇ સુધારો થશે તે ઓનલાઇન સુધારો કરવામાં આવશે.
૨) વધુ વિગત માટે www.statetenders.gujarat.gov.in વેબસાઇટ જોવા વિનંતી.

માહિતી/પોરજા x ખ / ૩૨૮ /૨૦૨૪

# જૂનાગઢના રેલ્વે સ્ટેશનને રૂા.૨૩૨ કરોડના ખર્ચે આધુનીક બનાવાશે

## અદ્યતન સુવિધાથી સજ્જ પ્રોજેકટને ટુંક સમયમાં શરૂ કરવામાં આવે તેવા મળી રહેલા નિર્દેશો





पश्चिम रेलवे

प्रेस विज्ञप्ति

भावनगर मंडल
दिनांक 20.02.2024

**232 करोड़ की लागत से जुनागढ़ रेलवे स्टेशन का होगा अपग्रेडेशन व आधुनिकीकरण**

भारतीय रेलवे पर रेलवे स्टेशनों के विकास के लिए भारत सरकार द्वारा **"अमृत भारत स्टेशन"** स्कीम के तहत रेलवे स्टेशनों को अपग्रेडेशन व आधुनिकीकरण किया जा रहा है।

**"अमृत भारत स्टेशन"** स्कीम के तहत जुनागढ़ रेलवे स्टेशन का अपग्रेडेशन व आधुनिकीकरण पर भारत सरकार द्वारा कुल रु. 232 करोड़ खर्च किया जाना है।

जुनागढ़ रेलवे स्टेशन का आधुनिकीकरण के दौरान कई आधुनिक सूविधाए प्रदान किया जायेगा, जिसके तहत प्रस्थान ब्लॉक (सामने की ओर) को आधुनिक एवं सौंदर्यीकरण किया जायेगा, रुफ प्लाजा का निर्माण, आगमन/प्रस्तान ब्लॉल (दोनो तरफ से) यात्रियों के लिए और भी सुविधाजनका बनाया जायेगा, सभी प्लेटफार्मों को यात्रियों के सुविधा हेतु और भी आधुनिक बनाया जायेगा, पार्सल कार्यालय एवं पार्सल गोदाम को व्यापारियों की सुविधा हेतु आधुनिकीकरण किया जायेगा।

रेल यात्रियों की सुविधा के लिए वातानुकुलित प्रतिक्षालय, वातानुकुलित विश्रामालय, प्लेटफार्मों पर आवाजाही की सुविधा के लिए स्टेशनों पर लिफ्ट और एस्केलेटर/स्वचलित सीढ़ी, फुट ओवर ब्रिज, ट्रेन यात्रा से पहले/बाद में यात्रियों, विशेषकर वरिष्ठ नागरिकों और दिव्यांग व्यक्तियों को ले जाने के लिए बैटरी चालित वाहन, आधुनिक कोच इंडिकेटर, वाई-फाई की सुविधा, आधुनिक आरक्षण एवं बुकिंग कार्यालय, उत्कृष्ट सफ़ाई एवं अच्छी सुरक्षा, स्वच्छ भोजन की उपलब्धता, पर्याप्त CCTV कैमरा, क्लोज्ड सर्किट टेलीविजन एवं आधुनिक क्लॉक रुम की सुविधा इत्यादि उपलब्ध कराई जायेगी।

माशूक अहमद
वरिष्ठ मंडल वाणिज्य प्रबंधक
पश्चिम रेलवे, भावनगर मंडल

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

કેન્દ્ર સરકારના રેલ્વે વિભાગ દ્વારા અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત રેલ્વે સ્ટેશનનો આધુનિક સુવિધાથી સજ્જ બનાવવાનું અભિયાન ચાલી રહ્યું છે જે અંતર્ગત જૂનાગઢ અને સોરઠ પંથકનું મહત્વનું રેલ્વે સ્ટેશન એવા જૂનાગઢ રેલ્વે સ્ટેશનને રૂા.૨૩૨ કરોડના ખર્ચે આધુનિક બનાવવામાં આવશે અને જે અંગે ટુંક સમયમાં કાર્યવાહી હાથ ધરાઈ તેવા નિર્દેશો મળે છે.

ભારતીય રેલવે દ્વારા રેલવે સ્ટેશન વિકાસ માટે ભારત સરકાર દ્વારા અમૃત ભારત સ્ટેશન સ્કીમ ચલવાઈ રહી છે. જે અંતર્ગત જૂનાગઢ રેલવે સ્ટેશનનું પણ અપગ્રેડ અને આધુનિકરણ થઈ રહ્યું છે. સૌરાષ્ટ્ર માટે આનંદની વાત એ છે કે સોમનાથ પછી આ સ્કીમનો લાભ જૂનાગઢ રેલવે સ્ટેશનને પણ પ્રાપ્ત થશે જેના માટે અંદાજિત ૨૩૨ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. જૂનાગઢ રેલ્વે સ્ટેશનના આધુનિકરણની અંદર ઘણી બધી આધુનિક સુવિધાઓનો સમાવેશ થશે. જેમ કે સ્ટેશનની બંને તરફ હવે મુસાફરોને ટિકિટ બારી પ્રાપ્ત થશે. જેને કારણે હાલમાં એક તરફ મુસાફરોનો ધસારો હળવો થશે, આ ઉપરાંત લિફટ, એસ્કેલેટર , ફુટબ્રિજ વિગેરે સુવિધાઓ, એર કન્ડિશન વિશ્રામાલય વિ. અપગ્રેડ થશે. સૌથી વધારે મહત્વની સુવિધાઓ સિનિયર સિટીઝન તથા દિવ્યાંગ વ્યક્તિઓ માટે થશે. જેમાં બેટરી આધારિત વાહનોથી પ્લેટફોર્મ સુધી પહોંચવાનું આસાન બનશે. રેલવે પ્રબંધકના દાવા મુજબ આધુનિક રિઝર્વેશન અને બુકિંગ સેન્ટર સારી સફાઈ અને સુરક્ષા તેમજ આધુનિક કોચ ઈન્ડિકેટર અને વાઈફાઈ પણ ઉપલબ્ધ કરાશે. સૌથી વધારે મહત્વની બાબત સોરઠના ઉધ્યોગ જગત માટે છે. પાર્સલ કાર્યાલય અને પાર્સલ ગોડાઉનને વ્યાપારી સુવિધા માટે અદ્યતન બનાવાશે. જેથી સમગ્ર ભારત સાથે માલસામાન ઝડપી અને કિફાયતી દરે થશે.

# ગિરનાર પર પાણીની સુવિધા ઉભી કરવાની માંગ સાથે આજે ૧૫૦ દુકાનદારોની હડતાળ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

ગિરનાર ઉપર પીવાના પાણીની સુવિધા ઉભી કરવાની માંગ સાથે આજે સીડી ઉપરના આશરે ૧૫૦ જેટલા દુકાનદારોએ આજે પોતાના ધંધા-રોજગાર બંધ રાખી અને હડતાળ પાડી હતી અને બપોરે જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપવાનાર હોવાનું જાણવા મળે છે.

ગિરનાર ઉપર તંત્ર દ્વારા પ્લાસ્ટીકની પાણીની બોટલ વેંચવા ઉપર અને લઈ જવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. તેમજ સીડી ઉપરના વેપારીઓને ૨૦ લીટરના જગ આપ્યા છે પરંતુ ગિરનાર ઉપર પાણીની સુવિધા ન હોવાથી નીચે તળેટીમાંથી પાણી લાવવું પડે છે અને જેથી વેપારીઓની તકલીફ વધી છે. આજે ગિરનાર ઉપર પાણીની સુવિધા ઉભી કરવાની માંગણી સાથે સવારથી ૧૫૦ દુકાનદારોએ હડતાળ પાડી હતી.

# જૂનાગઢમાં બ્યુટી પાર્લર બંધ કરી દેવાની ધમકી આપી : પાંચ મહિલા સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢમાં તાલુકા પોલીસ સ્ટેશન હેઠળના યમુનાનગર-૨માં રહેતા બ્યુટી પાર્લર અને મહેંદીના કલાસ ચલાવતા જીલેખાબેન એજાજભાઈ ભીમાણી(ઉ.વ.૩૨)ને ત્યાં સોસાયટીમાં રહેતી ફીઝા ઈબ્રાહીમભાઈ સીડા નામની યુવતી મહેંદી મુકવાના કલાસીસમાં શીખવા માટે આવતી હતી. ત્યારે તેનો ફોન સતત ચાલું રહેતો હોય જેથી મહિલાએ ૨૭ જાન્યુઆરીના રોજ તેણીને ફોન કરી હવે કલાસીસમાં નહી આવવા જાણ કરી હતી. જેનાથી ઉશ્કેરાઈ જઈને ફોનમાં ફીઝા અને તેની માતા મેમુદાબેનએ ગાળો કાઢી બ્યુટી પાર્લર બંધ કરી દેજે તેમ કહી ધમકી આપી હતી. ત્યારબાદ તા.૨૯ જાન્યુઆરીના રોજ સાંજે કલાસીસમાંથી સ્ટુડન્ટો છુટયા હતા જેની જાણ ફીઝાને થતા તેણીએ ફોન કરી ફરી વાર કેમ ચાલું રાખ્યા છે તેમ કહી ધમકી આપી બાદમાં થોડીવારમાં ફીઝા તેમજ તેની માતા, મોટી બહેન રેહાના, રાજકોટવાળા તેમજ ફીઝાની ભાભી સહિત કુલ ૫ મહિલાએ જીલેખાબેનના ઘરે જઈ ગાળો દઈ દરવાજામાં લાત મારી ઘરમાં પ્રવેશી સોસાયટી છોડીને જતી રહેજે તારા કલાસીસ અને પાર્લર ખોલીશ તો જાનથી મારી નાખીશું એવી ધમકી આપી હતી. જે અંગેની ફરિયાદ તાલુકા પોલીસમાં નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગાયત્રી મંદિરની ઓફિસના ફોટા પાડવા બાબતે પુછતા માર માર્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢના ભવનાથ તળેટી વિસ્તારમાં આવેલા ગાયત્રી મંદિર ખાતે રહેતા રજનીભાઈ રાજેશભાઈ સાકરીયા (ઉ.વ.૨૪)એ હરેશભાઈ વાળા રહે.જૂનાગઢ વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના આરોપીએ આ કામના ફરિયાદીની ગાયત્રી મંદિરની અંદર આવેલ ઓફીસમાં જઈને ફોટા પાડતા હોય જે ફરિયાદીએ ફોટા પાડવા બાબતો પુછતા આ કામના આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ ફરિયાદીને જેમફાવે તેમ ભુંડી ગાળો આપી પ્રથમ ચંપલ તે બાદ લાકડી વતી ફરિયાદીને શરીરે વાસમાં જમણા હાથ આંખ પાસે આડેધડ માર મારી મુંઢ ઈજા કરી મેજી. જૂનાગઢનાઓના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા ભવનાથ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

